સીલસીલે ઇમામત

યાને

ઇમામતની સંકલના.

ભાગ ૧ લો.

શીયા ઇમામી ઇસમાઇલી સ્કુલોમાં
વીદ્યાર્થીઓ માટે.

રચનાર,

હરજીભાઈ પુંજા માસ્તર.

પ્રગટ કરનાર,

મુખી લાલજીભાઈ દેવરાજ,

ધી ખોજા સીંધી પ્રેસ.

૧૧૧ ખાળખી મહોલા, મુંબઈ નં. ૯

આવૃતી બીજી | સન ૧૯૧૯ | કિંમત ૨,૦૦

પ્રસ્તાવના.

શીયા ઇમામી ઇસમાઇલી દીનના રાહનુમા, પેશવા, રૂહાની સરદાર, ૪૮ મઉલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર, *હાજર ઇમામની પાક ગાદી કલપે કલપ તથા જુગો જુગ, દસ અવતારો, સાતોતેર પાત્રો તથા અડતાલીસ ઇમામોના રૂપમાં શીલસીલા બંધ, જગતમાં જાહેર રીતે ચાલુ રહેલી છે.

મહાન બોધગુરૂ પીર સદરદીન સાહેબે શીયા ઇમામી ઇસમાઇલી ઇસમાઇલી દુઆ નામની બંદગી રચી આપી છે, તેમાં ઇમામતનો સીલસીલો સંપુરણ રીતે વીશનાપુરીના વીભાગમાં દરશાવેલો છે, જે હકીકત ઇસમાઇલી મોમનો બંદગી કરતી વખતે મુખ પાઠ પડી જાય છે.

હાજર ઇમામ મઉલાના આગા સુલતાન મહમદ શાહ દાતારને ખરચે નીભાવવામાં આવતી મુંબઇના ખડક ઉપરના મોટા જમાતખાનાની સ્કુલમાં ધારમીક

વાશયોના શીક્ષણુ માટે માસ્તર તરીકે ગુજારેલી નવ વરસની મારી કારકીરદી દરમ્યાન વીદ્યારથીઓને ઇમામતના સીલસીલાનું શીક્ષણુ આપવા માટે સવાલ—જવાબ રૂપે એક પ્રશ્નોત્તર બુક લખી રાખવાની તે વખતે મને જરૂર જણાઇ આવી હતી.

ઇસમાઇલી લીટરેચર સોસાયટીના સુપરવાઇઝર મરહુમ માસ્તર હાસમભાઇ બોધા, કે જેઓએ ઇસમાઇલી દીનને લગતાં કેટલાંક ઉપયોગી પુસ્તકો રચીને પ્રગટ કીધા છે, તેમજ તેઓ ઊદાર વ્રતીથી બીજા ઉછરતા વીદ્વાનોને ઉમંગથી સહાયતા આપવા પોતાની ફરજ સમજતા હતા, તેઓએ મીસર, તુરકસ્તાન, બદકશાન વીગેરે દુર દરાજના મુલકોના અરબ તથા અજમ ઇસમાઇલી મુરીદોની જાતી મુલાકાતથી, તથા ઇંગ્રેજી, ફારસી, અરબી વીગેરે પરભાષાઓના પુસ્તકોમાંથી બારીક શોધખોળ કરી, "ઇસમાઇલી દરપણુ" નામે પુસ્તકમાં ઇસમાઇલી અડતાલીસ ઇમામોની ઇમામતના ઇસવી સન તથા હીજરી સનની મહાન ઉપયોગી તેમજ સંગીન ટીપ દાખલ કરી, ખરેખર ! ઇસમાઇલી દીનની એક અગત્યની સેવા બજાવી છે. મરહુમ માસ્તર હાસમભાઇ બોધાની જાતી મુલાકાત, તથા તેમના રચેલા મજકુર "ઇસમાઇલી દરપણુ" નામના પુસ્તકની

મદદથી આ "સોલસીલે ઇમામત" નામનું લઘુ પુસ્તક રચવા હું ભાગ્યશાળી થયો છું, તેને માટે આ પ્રસંગે ફરીથી હું તેમનો ખાસ ઉપકાર માનું છું.

સોલસીલે ઇમામતની હાથની લખેલી નોટ બુક-માંથી સ્કુલના વીદ્યારથીઓને નોટ લખાવવાની મોટી મુશકેલી મને પડતી હતી, તેમજ સ્કુલનો મારો કેટલોક ઉપયોગી વખત તેમાં રોકાઇ જતો હતો. આ નોટ બુકની બુક છપાવવામાં આવે તો સ્કુલના મારા ટાઇમનો ઘણો બચાવ થાય. અને તે ટાઇમ વીદ્યારથીઓને બીજું ઉપયોગી શીક્ષણ આપવામાં કામ લાગે, એવુ સમજીને મારી રચેલી સીલસીલે ઇમામતની પહેલી આવતી છપાવી આપવા મેં ઇસમાઇલી લીટરેચર સોસાયટીને અરજ કરી હતી. એ સોસાયટીએ પોતાના કાયદા પ્રમાણે સામું મને ઇનામ આપીને પહેલી આવૃતી છપાવી આપવાની જે મહેરબાની કરી હતી, તેને માટે આ તકે તેમનો ઘટતો આભાર માનું છું,

મજકુર ઇસમાઇલી લીટરેચર સોસાયટી હાલમાં બંધ કરવામાં આવેલી હોવાથી આ બીજી આવૃતી મુખી લાલજીભાઈ દેવરાજ (શ્રી ખોજા સીન્ધી પ્રીન્ટીંગ પ્રેસ) તરફથી બહાર પા[illegible] આવી છે,

તે માટે આ તકે તેમનો ઉપકાર માનવાને મારે ભુલવું જોઇએ નહી.

આ બીજી આવરતીમાં મેં ઘટતો ઉપયોગી ફેર-ફાર કીધો છે, અને સ્કુલમાં શીખતા વીદ્યારથીઓને શીખવામાં અનુકુળ પડે એવી ઢબ વાપરવામાં આવી છે.

મને મારા આ કાર્યમાં મુખ્ય મદદ કરનાર મરહુમ માસ્તર હાસમભાઈ ઓધાના જીન્નતનશીન રૂહને હજારો હજાર દુઆ મોકલતાં મઉલા તેમને અખંડ શાન્તી આપે એવું ખરા અંતઃકરણથી ઇચ્છું છું.

લી૦ સેવક,

હરજી પુંજા માસ્તર.



સીલસીલે ઇમામત

યાને

ઈમામતની સંકલના.

પ્રકરણ પહેલું

જગતની ઉત્પતી. કરણ, કલ્પ અને જુગ.

કલામે પીર.

પ્રથમ સામીજીએ પયદા કર્યા,
એ ભાઈ જ્યારે હતા તે ધંધુકાર;
તારે બીજો તે હતો કાંઇ નહિં,
અને એક હતા તે નિરાકારરે.

સ—ધંધુકાર એટલે શું ?

જ—શુન્ન કાળનો વખત (એટલે તે વખતમાં જગત, ચંદ્ર, સુરય, આકાશ, તારા મંડળ, જમીન, જીવા જોડ, મા બાપ વીગેરે કોઇ વસ્તુ હસ્તી ધરાવતી નહી હતી).

સ—ત્યારે તે વખતે કોણુ હતું ?

જ—ફકત પાક પરવરદીગાર (નીરીંજન નીરાકાર) હતા.

સ—તે વીશે ગ્નાન શરીફનો પાઠ બોલો.

જ—

કલામે પીર.

પહેલો ધંધુકાર સાહેબે રચાયો,
તે રચનાકી કુદરત સાચી-
એબી તઇએં તમે.
છત્રીસ જુગ, ચોરાશી ચોકડી,
એક ધ્યાને નર રહયા-
એબી તઇએ તમે.
માઇ ન બાપ, પુત્ર ન બંધવા,
મન સંતોષી નર રહયા-
એ બી તઇએ તમે.

ધરતી ન હોતી, આકાશ ન હોતા,
તીસ દીન તું એક ઇલાહી-
એબી તઈએ તમે.

સ—ત્યાર પછી ખુદાવંદતઆલાએ શું પેદા કરયું ?

જ—પાક પરવરદીગારે જગતની ઉત્પતી કરવા માટે, પોતાના ઇસ્ક યાને હેતથી ફીણુનો ગોટો ઉત્પન્ન કરયો.

સ—તે ફીણુના ગોટામાંથી શું ઉત્પન્ન કરયું ?

જ—ફીણુના ગોટાનો ઇંડા જેવો, લંબગોળ આકાર બનાવ્યો.

સ—તે ઇંડાકારમાંથી શું રચના રચાવી ?

જ—તે ઇંડાકાર ઘણા વખત સુધી પોતાના હાથમાં રાખી તેનો ફેલાવો કરયો, અને તેમાંથી સાત તબક જમીન તથા દસ આસમાન પેદા કરયા.

સ—તે વીશે ગ્નાન શરીફમાંથી પાઠ આપો.

જ—

કલામે પીર.

તારે અહંકાર કરતાં સામીજીએ
ઇંડા ઉપાયા ચઉબીસ,

એ ભાઈ તે માંહેથી થયા
દસ આસમાનનો આકાર;
ત્યાંથી તે ઇંડા નીચે આવ્યો,
તે માંહેથી થયા સાત તબક જમીનના
તેણી વારરે.

સ—તેની માયના કરો.

જ—ખુદાવંદતઆલાએ પોતાની કુદરત માંહેથી સાત પાતાલ તથા દસ આસમાન બનાવ્યા અને ત્યારપછી અસંખ્ય વરસો સુધી નીરાકાર રહયા.

સ—તે પછી શું બનાવ્યું ?

જ—પોતાના નુરમાંથી ચાર સુરત પેદા કરી અને પાંચમા પોતે તેમાં રહયા.

સ—તે વીશે જ્ઞાનમાંથી સાબીતી આપો.

જ—

કલામે પીર.

તે ચાર સુરતમાં પાંચમું પોતે રહયા,
અને વળી પોતાનો નુર રાખ્યો નીરાકાર;
તેનો તે એક કુતુબ તારો બનાવ્યો,
તેને લઈ ધર્યો આસમાન મીંજારરે.

સ—તેની માયના કરો.

જ—પોતાના નુરમાંથી ચાર મુરત પેદા કરી અને પાંચમું પોતાનું નુર સાકાર રૂપે સામેલ કરયું.

સ—તે પાંચ મુરતના નામ કહો.

જ—(૧) હ૦ નબી મહમદ મુસ્તફા, (૨) હ૦ મઉલા મુરતજાઅલી, (૩) હ૦ બીબી ફાતમા ઝોહરા, (૪) હ૦ ઇમામ હસન અને (૫) હ૦ ઇમામ હુસેન.

સ—તે પાંચે તનનું એક નામ કહો.

જ—હજરત પંજેતન પાક સાહેબ.

સ—તે પાંચે તનના નુર સ્વરૂપને શું કહે છે?

જ—નુરે ખુદા, નુરે પંજતન પાક (એટલે પાંચ જણામાં ખુદાનું એક નુર છે).

સ—તે નુરમાંથી પહેલા કોને પેદા કર્યા? તેનો ગ્નાન શરીફમાંથી પાઠ બોલો.

જ—

કલામે પીર.

તેજ સ્વરૂપી તે અલી પોતે કહીએ,
અને મહમદ રૂપી તે ગુર બ્રહ્માજી અવતાર;
બીબી ફાતમા તે માહા દેવી
શકિત કહીએ,

ઇશ્વર આદમ એ તો હ૦ ઇમામ હસન
હ૦ ઇમામ હુસેનનો અવતાર.

સ—તેની માયના કરો.

જ—તીશ્નુનો જોમો નર અલી મઉલા મુરતજાઅલી, ગુર બ્રહમાનો જોમો નબી મહમદ મુસ્તફા (સ૦) અને ઇશ્વર આદમ તે હ૦ ઇમામ હસન અને હ૦ ઇમામ હુસેનમાં શાહી નુર છે.

સ—ખુદાવંદતઆલાએ પોતાના શરીરના ભાગમાંથી પંજેતન પાક પેદા કર્યા તે વીશે જ્ઞાન શરીફમાંથી પાઠ આપો.

જ—

કલામે પીર.

આપણા માથા મુબારકમાંથી નબી
મહમદ મુસ્તફા કીયા,
અને મઉલા અલી તે પોતે અલ્લાહ
અવતાર;
સીના મુબારકની હજરત બીબી ફાતમા,
અને નુર ચશ્મ હ૦ ઈમામ હસન
હ૦ ઇમામ હુસેન દીલઠારરે,

સ—ત્યાર પછી ખુદાવંદતઆલાએ શું પેદા કરયું ?

જ—પોતાની કુદરતમાંથી દાદા આદમના પુતલામાં રૂહ પુંકયો અને તેના ડાબા અંગમાંથી બીબી હવાને પેદા કરયા.

સ—અને તેનાથી કોને પેદા કરયા?

જ—તેઓ બને બુજરગવાર માંથી જગતના મનુષ્યોની ઉત્પતી થઇ.

સ—જગતના મનુષ્યોને હીદાયત કરવા માટે શું ઉત્પન્ન કરયું?

જ—ખુદાઇ નુર પંજેતન પાકના નુરમાંથી ત્રણ કરણના જમાનામાં જગતના મનુષ્યોને બોધ આપવા વીસ્ણુ વર દાતારના સતર જોમા થયા.

ત્રણ કરણ.

સ—પહેલા ખુદાવંદતઆલાએ કયો જમાનો પેદા કર્યો?

જ—ત્રણ કરણનો જમાનો.

સ—કરણ એટલે શું?

જ—ચાર જુગ અને ચાર કલપની આગળ થઇ ગયેલો જમાનો અને અગીયાર લાખ વરસનો એક જુગ હોય એવા ત્રીસ જુગનો એક કરણ, કુલ્લે ત્રણ કરોડ અને ત્રીસ લાખ વરસનો એક કરણ થાય

છે. તેવા ત્રણુ કરણુમાં નવ કરોડ અને નેવું લાખ વરસની મુદ્દત થાય છે.

સ—તે ત્રણુ કરણુમાં કેટલા વીશ્નુના જોમા થયા ?

જ—વીશ્નુના ૧૭ જોમા (અવતાર) થયા.

સ—તેના નામ કહો.

જ—૧ શ્રી અહુણુાદ, ૨ અલખ, ૩ નામનીલ, ૪ અનીલ, ૫ સુન, ૬ સાન, ૭ નાન, ૮ ગ્નાન, ૯ નુર, ૧૦ તેજ, ૧૧ જળ, ૧૨ કમળ, ૧૩ અધબુધ, ૧૪ જાગ, ૧૫ તંતવ, ૧૬ પ્રેમ તંતવ, ૧૭ આદ પુરૂશ.

સ—આદ પુરૂશમાંથી કોણુ ઊત્પન્ન થયા ?

જ—આદ પુરૂશના નાભી ચક્રમાંથી ગુર ભરમા પેદા થયા.

સ—ત્રણુ કરણુનો જમાનો પુરો થયા પછી ખુદાવંદ-તાલાએ શું ઉત્પન્ન કરયું ?

જ—કલપનો જમાનો.

સ—કલપ એટલે શું ?

જ—ભીરમાનો એક દીવસ.

સ—ભીરમાનો દીવસ એટલે શું ?

જ—જગતની એક વખતની ઊત્પતી.

સ—એક કલપમાં કેટલા વરસ હોય છે ?

જ—ચાર અબજ અને બત્રીસ કરોડ વરસનો એક
કલપ અથવા એક હજાર ચોકડી અથવા મહાયુગ
કહેવાય છે.

સ—કલપ કેટલા છે?

જ—કલપ ચાર છે.

સ—તેમના નામ બોલો.

જ—૧ જાયલા, ૨ ફ્રાયલા, ૩ અરજા, ૪ ખલીફ્રા.

૧—જાયલા કલપ.

સ—પહેલા જાયલા કલપમાં વીષ્નુના કેટલા અવતાર
થયા?

જ—ચાર અવતાર થયા.

સ—તે ચારેના નામ બોલો.

જ—૧ હવ, ૨ કવ, ૩ ધરમ, ૪ કેશવ.

સ—પહેલા જાયલા કલપમાં કેટલા કરોડી જીવ અમરા-
પુરીમાં ગયા?

જ—નવાણું કરોડી જખ અમરાપુરીમાં ગયા.

૨—ફ્રાયલા કલપ.

સ—બીજા ફ્રાયલા કલપમાં વીષ્નુના કેટલા અવતાર
થયા?

જ—ત્રણ અવતાર થયા.

સ—તેના નામ કહો.

જ—૧ તઉણાદ, ૨ ઉતરા, ૩ હરીતક.

સ—બીજા ફાયલા કલપમાં કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા ?

જ—છપન કરોડી મેઘ માળ અમરાપુરીમાં ગયા.

૩—અરજા કલપ.

સ—ત્રીજા અરજા કલપમાં વીષ્નુના કેટલા અવતાર થયા ?

જ—બે અવતાર થયા.

સ—તેમના નામ કહો

જ—૧ પરૂરવા અને ૨ અંતઅતીત,

સ—ત્રીજા અરજા કલપમાં કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા ?

જ—ત્રીજા અરજા કલપમાં બત્રાસ કરોડી કીનર અમરાપુરીમાં ગયા.

૪—ખલીફા કલપ.

સ—ચોથા ખલીફા કલપમાં વીષ્નુના કેટલા અવતાર થયા ?

જ—એક અવતાર થયો.

સ—તેના નામ બોલો.

જ—પ્રેમ રૂખ.

સ—ચોથાં ખલીફા કલપમાં કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા ?

જ—તેત્રીસ કરોડી દેવ અમરાપુરીમાં ગયા.

સ—ત્યાર પછી ખુદાવંદતઆલાએ શું પેદા કરયું ?

જ—ચોથા કલપની ચાર ઘડી બાકી હતી, તેમાંથી ત્રીજો જમાનો ચાર યુગનો બનાવ્યો.

સ—યુગ એટલે શું ?

જ—શાસ્ત્રોમાં ઠેરાવેલો લાંબો વખત.

સ—જુગ કેટલા છે ?

જ—જુગ ચાર છે.

સ—તેઓના નામ કહો.

જ—૧ કર્તા, ૨ ત્રેતા, ૩ દુઆપુર, ૪ કલજુગ.

૧—કર્તા યુગ.

સ—પહેલા કર્તા જુગમાં વીષ્નુના કેટલા અવતાર થયા ?

જ—ચાર અવતાર થયા.

સ—તેઓના નામ કહો.

જ—૧ મચ્છ, ૨ કોરભ, ૩ વારાહ, ૪ નરસીંહ.

સ—પહેલા કરતા જુગમાં ભકત કેટલા થયા ?

જ—ચાર ભકત થયા.

સ—તેમના નામ બોલો.

જ—૧ રૂખ મુગત, ૨ અમરીખ, ૩ ધ્રુવ, અને ૪ પહેલાજ.

સ—પહેલા કરતા યુગમાં અસુર (દઈત્ય) કેટલા થયા ?

જ—ચાર થયા.

સ—તેના નામ કહો.

જ—૧ સંખાસુર, ૨ મધુકીટક, ૩ મોર, અને ૪ હરણાકંસ.

સ—કરતા જુગના મુખીનું નામ કહો.

જ—રાજા પહેલાજ.

સ—પહેલા મુખી સાથે કેટલા કરોડી જીવ હતા ?

જ—પહેલા મુખી પહેલાજ સાથે પંદર કરોડી જીવ હતા.

સ—તેમાંથી કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા ?

જ—તેમાંથી ફકત પાંચ કરોડી જીવ અમરાપુરીમાં ગયા.

સ—બાકીના જીવોની ગતી કેવી ગઇ ?

જ—બાકી દસ કરોડી જીવમાંથી પાંચ કરોડી જીવ આવાગમણ (ફરીથી અવતાર લેવા) માં પડયા અને પાંચ દોજકમાં ગયા.

સ—આવાગમણ એટલે શું ?

જ—લખ ચોરાશીના ફેરા (એટલે જનમવું અને મરવું.)

સ—પહેલા કરતા જુગમાં જાપ કોના નામનો જપતા હતા ?

જ—વીષ્નુના અવતાર "નરસીંહ ભગવાનનો."

સ—કરતા જુગમાં વ્રત શેનું કરતા હતા ?

જ—સોમવારી એકાદશીનું વ્રત રાખતા હતા.

સ—કરતા જુગમાં દાન શેનું આપતા હતા ?

જ—કુંજર એટલે હાથીનું દાન.

સ—કરતા જુગમાં ઘટપાટ શેના હતા ?

જ—સોનાના ઘટ તથા સોનાના પાટ.

સ—કરતા જુગમાં આદ ગુરૂ કોણ હતા ?

જ—આદ ગુરૂ બ્રહ્માજી હતા.

સ—કરતા જુગનું પરમાણું કહો,

જ—કરતા જુગ ૧૭,૨૮,૦૦૦ વરસ સુધી હતો.

સ—કરતા જુગનાં દાગ (માણુસ મરી ગયા પછી અવલ મંજલે પોંચાડવું તે) શેના હતા ?

જ—જળ દાગ.

સ—જળ દાગ એટલે શું ?

જ—માણુસ મરી ગયા પછી તેને જળમાં મુકી આવવું તેને જળ દાગ કહે છે.

૨—ત્રેતા જુગ.

સ—બીજા ત્રેતા જુગમાં વીષ્નુના કેટલા અવતાર થયા ?

જ—ત્રણુ અવતાર થયા.

સ—તેમના નામ કહો.

જ—૧ વાયમણુ, ૨ ફરસીરામ, ૩ રામચંદ્રજી.

સ—બીજા ત્રેતા જુગમાં ભકત કેટલા થયા ?

જ—ત્રણુ ભકત થયા.

સ—તેઓના નામ કહો.

જ—૧ કમળાધેન, ૨ કમળાપતી, ૩ હરીચંદ્ર.

સ—બીજા ત્રેતા જુગમાં દઈંત્ય (અસુર) કેટલા થયા ?

જ—ત્રણુ થયા.

સ—તેના નામ કહો.

જ—૧ બળી, ૨ સહસ્ત્રાર્જુન, ૩ રાવણુ.

સ—બીજા ત્રેતા જુગના મુખીનું નામ કહો

જ—રાજા હરીચંદ્ર.

સ—તેની રાજધાનીનું નામ કહો.

જ—અયોધ્યા શહેર.

સ—ત્રેતા જુગના મુખી હરીચંદ્રની સ્ત્રી તથા છોકરાનું નામ કહો.

જ—રાણી તારારાણી તથા પુત્ર રોહીદાસ.

સ—બીજા ત્રેતા જુગના મુખી રાજા હરીચંદ્રની સાથે કેટલા કરોડી હતા ?

જ—૨૧ કરોડી જીવ હતા.

સ—તેમાંથી કેટલા કરોડી જીવ અમરાપુરીમાં ગયા ?

જ—તેમાંથી ફકત સાત કરોડી જીવ અમરાપુરીમાં ગયા.

સ—બાકીના જીવોની કેવી ગતી થઇ ?

જ—બાકી ૧૪ કરોડીમાંથી ૭ કરોડી જીવ આવાગમણમાં ગયા અને બાકી ૭ કરોડી જીવ દોજકમાં ગયા.

સ—બીજા ત્રેતા જુગમાં જાપ કોના નામનો જપતા હતા ?

જ—વીષ્નુના અવતાર "શ્રી રામચંદ્રજી" ભગવાનનો.

સ—વૃત (અપવાસ) શેના કરતા હતા ?

જ—મંગળવારી ચઉદસનો.

સ—દાન શેના દેતા હતા ?

જ—અશ્વ દાન એટલે ઘોડાનું દાન.

સ—ઘટ પાટ શેના હતા ?

જ—રૂપાના ઘટ અને રૂપાના પાટ.

સ—આદ ગુરૂ કોણ હતા ?

જ—આદ ગુરૂ વશીષ્ટ રૂશી.

સ—ત્રેતા જુગનું પરમાણું કહો.

જ—૧૨,૯૬,૦૦૦ વરસ.

સ—દાગ શેના હતા ?

જ—વન દાગ.

સ—વન દાગ એટલે શું ?

જ—માણુસ મરી જાય પછી તેને વનમાં મુકી આવવું તે.

૩—દુઆપુર જુગ.

સ—ત્રીજા દુઆપુર જુગમાં વીષ્નુના કેટલા અવતાર થયા ?

જ—બે અવતાર થયા.

સ—તેના નામ કહો.

જ—૧ શ્રી કૃષ્ણજી, અને ૨ શ્રી બુદ્ધ.

સ—દુઆપુર જુગમાં ભકત કેટલા થયા ?

જ—બે ભકત થયા.

સ—તેમના નામ કહો.

જ—૧ સહદેવ, ૨ જુજેષ્ટળ.

સ—દુઆપુર જુગમાં દુષ્ટ કેટલા થયા ?

જ—બે થયા,

સ—તેના નામ કહો.

જ—૧ કંસ અને ૨ દુરજોધન.

સ—ત્રીજા દુઆપુર જુગના મુખીનું નામ કહો.

જ—રાજા જુજેષ્ટળ (યુધીસ્ઠીર).

સ—તેની રાજધાનીનું નામ કહો.

જ—ઇંદ્રપ્રસ્થ (દીલ્હી).

સ—મુખી જુજેષ્ટળના પીતા તથા માતાનું નામ કહો.

જ—પીતા પાંડુ રાજા તથા માતા કુંતાજી.

સ—તેમની રાણીનું નામ કહો.

જ—સતી દરોપદી (પંચાળી),

સ—પાંચ પાંડવના નામ કહો.

જ—૧ જુજેષ્ટળ (રાજા ધરમ), ૨ ભીમ, ૩ અરજુન, ૪ સહદેવ, ૫ નીકુળ.

સ—પાંડવોની સામે કોણે લડાઇ કરી હતી.

જ—તેમના કાકાના છોકરા દુરજોધન તથા તેના ૯૯ ભાઇઓ જેઓ કોરવોને નામે ઓળખાતા હતા.

સ—લડાઇ થવાનું કારણ શું ?

જ—સત્યને માટે લડાઈ થઇ, તેમાં તે વખતના વીષ્નુ અવતાર શ્રી કૃષ્ણજીએ (સત્ય) પાંડવનો પક્ષ કર્યો જેથી અંતે દુષ્ટ જુદ્ધીના કોરવોનો નાશ થયો

અને દઇત્ય દુરયોધનને ક્રૃષ્ણાવતાર રૂપે શ્રી વીષ્નુએ મારયો.

સ—કયા ઠેકાણે અને કેટલા વરસ પહેલાં લડાઇ થઇ હતી ?

જ—ઇ૦ સ૦ પુરવે ૫૦૦૦ વરસ પર હાલના દીલ્લી પાસે અડતાલીસ ચોરસ માઇલના ઘેરાવાનું પાણી-પત નામનું મેદાન છે તે મેદાનમા લડાઇ થઇ હતી.

સ—દુઆપુર જુગમાં મુખી સાથે કેટલા જીવ હતા ?

જ—કુલ ૨૭ કરોડી જીવ હતા।

સ—તેમાંથી કેટલા કરોડી અમરાપુરીમા ગયા ?

જ—તેમાંથી નવ કરોડી અમરાપુરીમા ગયા,

સ—બાકીના ૧૮ કરોડી જીવની શું ગતી થઇ ?

જ—૯ કરોડી આવાગમણમાં ગયા અને ૯ કરોડી દોજખમાં ગયા.

સ—દુઆપુર જુગમાં જાપ કોનો જપતા હતા ?

જ—શ્રી કૃષ્ણજીનો (તે વીષ્નુનો આઠમો અવતાર.)

સ—દુઆપુર જુગમાં વ્રત શેનું રાખતા હતા ?

જ—બુધવારી અમાસનું.

સ—દાન શેના દેતા હતા ?

જ—ગઉઆ દાન એટલે ગાય-વાછરડાનું દાન

સ—ઘટપાટ શેના હતા ?

જ—તાંબાના ઘટ તથા તાંબાના પાટ.

સ—આદ ગુરૂ કોણુ હતા ?

જ—વીદુર બ્યાસજી.

સ—દુઆપુર જુગનું પરમાણું કહો,

જ—૮,૬૪,૦૦૦ વરસ.

સ—દાગ શેના હતા ?

જ—અગન દાગ.

સ—અગન દાગ એટલે શું ?

જ—માણુસ મરી ગયા પછી તેને બાળી નાખે તેને અગન દાગ કહે છે.

૪—કલ યુગ.

સ—ચોથા કલજુગમાં વીષ્નુના કેટલા અવતાર થયા?

જ—એક અવતાર.

સ—તેનું નામ કહો.

જ—શ્રી નકલંકી અવતાર મઉલા મુરતજાઅલી.

સ—પાક પરવરદીગારે અસંખ્ય વરસો પર પહેલાં શું પેદા કર્યું ?

સ—નુરે પંજતન પાક સાહેબ.

સ—તે નુરનું શું બનાવ્યું હતું ?

જ—કુતુબ તારો અને તે કુતુબ તારામાંથી સઘળી સૃષ્ટીની રચના કરી.

સ—તે નુરે પંજતન પાક સાહેબનું સ્વરૂપ કહો !

જ—તે નુરે પંજતન પાક સાહેબ (નુરે ખુદા) કે જે અસંખ્ય વરસ પર નુર હતું તે નુર શારીરીક અવતારમાં ઈ૦ સ૦ ૫૭૦ માં પંજતન પાક એટલે પાંચ તનમાં જાહેર થયું અને તેઓ એશીયા ખંડમાં અરબસ્તાન દેશમાં જાહેર થયા અને ઇસલામ ધરમને પ્રચાર કરયો.

સ—દસમા નકલંકી અવતારનો જન્મ કયા શહેરમાં થયો !

જ—અરબસ્તાન દેશમાં શહેર મકકામાં.

સ—ચોથા કલજુગમાં ભકત કેટલા છે ?

જ—એક ભકત છે.

સ—તેનું નામ કહો.

જ—કમળા કુંવર.

સ—કલજુગમાં દઇત્ય કેટલા છે !

જ—એક દઇત્ય,

સ—તેઓનુ નામ કહો.

જ—દઇત્ય કાલીંગો.

સ—ચોથા કલજુગના મુખીનું નામ કહો.

જ—મુખી સતગુર પીર સદરદીન સાહેબ.

સ—પીરની પુઠીઉંમાં કેટલામાં પીર ?

જ—૨૬ મા પીર.

સ—તેઓએ આપણા વડવાઓ ઇસ્માઇલી દીનનું શીક્ષણ કયા વખતમાં આપ્યું ?

જ—આપણા ૩૦ મા ઇમામ શ્રી ઇસલામ શાહના વખતમાં.

સ—તેઓ કયા મુલકમાંથી આવ્યા હતા ?

જ—ઇરાન દેશમાંથી.

સ—આપણા વડવાઓ તે વખતે કયો ધરમ પાળતા હતા ?

જ—તેઓ હીંદુ હતા.

સ—કળજુગના મુખી પીર સદરદીન સાથે કેટલા કરોડી જીવ હતા ?

જ—૩૬ કરોડી જીવ હતા તેમાંથી ૧૨ કરોડી અમરાપુરીમાં ગયા અને ૨૪ કરોડી ઘોર અંધાર ગયા.

સ—તે વીશે ગ્નાનમાંથી સાબેતી આપો.

જ—

ફરમાને પીર.

આશાજી છત્રીસ કરોડી પુરા ધરમી,
શ્રી ઇસલામ શાહાને ભેટીયાજી;
કશોંક કારણ જીવ ડોલાવ્યા,
તે ચોવીસ ગયા ઘોડ અંધાર—
હરી અનત અનત હરી અનત તેણે

સામી શાહા અનત તેંજો અંત મઉલા જાણેજી.

સ—તેની માયના કરો.

જ—૩૬ કરોડ જીવ એકડા ધરમ કરતા હતા, પણ તેમાંથી ૨૪ કરોડો જીવે દસોંદ (જકાત, ખુમશ) માટે જીવ ડોલાવ્યો તેથી તેઓ ગોર અંધારમાં ગયા.

સ—દસોંદ (જકાત, ખુમશ) ઉપર કોનો હક છે ?

જ—હાજર ઇમામનો.

સ—તે વીશે જ્ઞાન શરીફમાંથી પાઠ આપો.

જ—

કલામે પીર.

આશાજી નર નકલંકી તખતેજ બેઠા,
તેને દસોંદ આલોજી;
દસોંદ દેવે તે સરગે જાવે,
અવર સરવે થોથાં—હરી૦

સ—તેની માયના કરો.

જ—હે મુનીવરો ! દસમો નકલંકી અવતાર મઉલા મુરતજાઅલીની ગાદી ઉપર જે ઇમામ હાજર હોય તે ઇમામને (જકાત, ખુમશ) દસોંદ આપશો તો તમને સ્વરગ મળશે.

સ—ચોથા જુગમાં જાપ કોના નામનો છે ?

જ—પીર-શાહાનો.

સ—પીર એટલે કોણ ?

જ—હ૦ નબી મહમદ મુસ્તફા સ૦ ની ગાદી ઉપર જેની નીમણુંક હાજર ઇમામ તરફથી થઇ હોય તે પીર કહેવાય.

સ—શાહ એટલે કોણ ?

જ—હ૦ મઉલા મુરતજાઅલી તે દશમા નકલંકી અવતારની ગાદી ઉપર જે ઇમામ વસીલ તરીકે ગાદીએ હાજર ઇમામ હોય તે શાહ કહેવાય.

સ—ચોથા જુગમાં વૃત શેના છે ?

જ—શુકરવારી બીજ.

સ—તે વીશે જ્ઞાન શરીફમાંથી પાઠ આપો.

જ—

કલામે પીર.

અજી બીજ શુકરવારી સેવીએ,
અને નીશ હોવે નસીજલ મન;
ગુર ગતસું આરાધ કરતાં,
થાઇએ બહુ પાવન.

સ—ચોથા જુગમાં દાન શેના આપે છે ?

જ—અજા એટલે બકરીનું દાન.

સ—ચોથા કલજુગમાં ઘટપાટ શેના છે ?

જ—માટીના ઘટ અને માટીના પાટ.

સ—ચોથા જુગમાં આદ ગુરૂ કોણ છે ?

જ—નબી મહમદ મુસ્તફા રસુલ અલ્લાહો વસલ્લમ.

સ—કલજુગમાં દાગ શેના છે ?

જ—ભુમી દાગ.

સ—એટલે શું ?

જ—માણુસ મરી ગયા પછી તેના શરીરને જમીનમાં
દાટવું તેને ભુમી દાગ કહે છે.

સ—ચોથા જુગનું પરમાણું કહો.

જ—૪,૩૨,૦૦૦ વરસ સુધી કલજુગ રહેશે.

સ—ચોથા કલજુગમાં હાલના ચાલુ વખતને કેવી વેળા
કહેવામાં આવે છે ?

જ—રૂકતાળ વેળા.

સ—રૂકતાળ વેળાના મુખીનું નામ કહો.

જ—સતગુર પીર હસન કબીરદીન સાહેબ.

સ—તેમના પીતાનું નામ કહો.

જ—સતગુર પીર સદરદીન સાહેબ.

સ—રૂકતાળ વેળામાં દાન શેના છે ?

જ—ખીર, ખાંડ, ગીરથ, અમરત ભોજન જે સતગુર
મુખે દેશે તે જીવ જન્મો જન્મ પાર ઉતરશે.

સ—રૂકતાળ વેળામાં જાપ કોના નામનો જપાવ છે ?

જ—પીર-શાહનો.

સ—હાલ પીર-શાહની ગાદી ઉપર કોણ બીરાજે છે ?

જ—હક મૌલાના આગા સુલતાન માહમદ શાહ દાતાર, અનત કરોડી આધાર, ગતીયું તારણહાર, હાદીયુલ મહેદી, સાહેબલ અમર, ખુદાવંદ સરકાર, મૌલાના હાજર ઈમામ, અમીરૂલ મોઅમેનીન.

સ—આપણા રૂહની મુકતી શી રીતે થાય ?

જ—ખુદાવંદ હાજર ઇમામની તાબેદારી કરવાથી, તેઓએ બખશેલા સીયા ઇમામી ઇશમાઇલી દીનની પેરવી કરવાથી તથા તેઓના મુબારક ફરમાનો ઉપર ચાલવાથી જરૂર આપણા રૂહની મુકતી થશે.



પ્રકરણ બીજું.

હ૦ આદમથી તે હ૦ મહમદ મુસ્તફા સુધી ચાર નબીની હકીકત.

હ૦ આદમ (અ૦).

સ—હ૦ પંજતન પાક સાહેબના નુરમાંથી શું ઉત્પતી કરવામાં આવી ?

જ—ફીરસ્તાઓ પેદા કરયા.

સ—ગ્નાન શરીફમાંથી તેની સાબેતી આપો

જ—

કલામે પીર.

તો મુનીવરભાઇ તારે શ્રી વીરનુની ઇચ્છાથી ઉપના,
અને બીજા ફીરસ્તા પાંચ તેણી વાર;
તે તો ફીરસ્તા રાખ્યા પોતાની હજુરમાં,
અને તેની બીજાને નહી સારરે.

સ—તેની માયના કરો.

જ—ત્યારે ખુદાવંદતઆલાએ પોતાની ઇચ્છાથી નુરી પંજતનમાંથા પાંચ ફીરસ્તા પેદા કર્યા, અને તેઓને પોતાની હજુરમાં રાખ્યા અને તેઓ શું કામ કરે છે તેના ભેદની કોઇને ખબર નથી,

સ—પાંચ ફીરસ્તાના નામ કહો.

જ—૧ હ૦ જબરાઇલ, ૨ હ૦ મેકાઇલ, ૩ હ૦ અસરાફીલ, ૪ હ૦ અજરાઇલ, ૫ અજાજીલ.

સ—દરેક ફીરસ્તાઓને કયા કયા કામ ઉપર મુકરર કીધા ?

જ—હ૦ જબરાઇલ (પેગામ લાવનાર—પેગામ્બરો ઉપર વહી લાવનાર), ૨ મેકાઇલ (દુનીયા ઉપર વરસાદ મોકલનાર), ૩ અસરાફીલ (પવનને મોકલનાર), ૪ અજરાઇલ (રૂહ કબજ કરનાર), ૫ અજાજીલ (શેતાની કામ કરાવનાર).

સ—લોહ કલમના દરવાજા ઉપર શું લખવામાં આવ્યું હતું ?

જ—એ પ્રમાણે લખવામાં આવ્યું હતું કે "પાંચ ફીરસ્તામાંથી એક ફીરસ્તો મારૂં ફરમાન નહી માનવાથી શેતાન થશે."

સ—તે વીશે ગ્નાનમાંથી પાઠ આપો.

કુલ્લામે પીર.

જ— લોહ, કલમ નીત ઉઠ દેખા,
તો એકકું રહજ કીયા;
ફ્રેમે મુકર હાવે પડીયા,
સો લેખા રહજ કીયા. ઈલ્લાહીઞ.

સ--તેની માવના કરો.

જ—લોહ, કલમ રોજ જોતા હતા, પણ તેના ઉપર લખ્યું હતું કે, "એક દીવસ એક ફીરસ્તો રાન્યો જશે" એમ જાણતા છતાં જેણે (અ જાજીલે) હુજ્જત કરી ને સીજદો કીધો નહી તેથી તેની કમાઇ રદ ગઇ.

સ—લોહ કલમ પર લખેલી વાત વાંચવાથી ફીરસ્તા-ઓની શું હાલત થઇ ?

જ—સરવે ફીરસ્તાઓ તોબા કરવા લાગ્યા.

સ—સરવે ફીરસ્તામાંથી બંદગી વધારે કોણ કરતું હતુ ?

જ—અજાજીલ.

સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કુલ્લામે પીર.

જ—એજી અજાજીલ ફીરસ્તા બુઝરગ કહીએ,
અને બુધ્ધીવંત કહીએ તેસા;

છત્રીસ કરોડ કીતાબા પડીયા,
પણ ભીતર ભેદ ન પાયા—ઇલાહી૦

સ—તેની માયના કરો.

જ—અજાજીલ ફીરસ્તો સઉથી મોટો ફીરસ્તો અને બુધ્ધીવાળો હતો, તે ૩૬ કરોડ પુસ્તકો મોઢેથી બોલી જતો હતો છતાં તે મઉલાનો ભેદ સમજી શકયો નહી.

સ—તેની ઉમર કેટલી હતી ?

જ—૧૮ લાખ વરસ.

સ—તે ભેદ શું હતો ? કે જે અજાજીલ સમજી શકયો નહી ?

જ—ખુદાવંદતઆલાએ હ૦ આદમ અલેહીસ્સલામના પુતલાને (કે જેમાં ખુદાવંદતઆલાએ પોતાનું નુર નાખ્યું હતું તેને) સુજીદો કરવાને સરવે ફીરસ્તાઓને હુકમ કર્યો. પણ અજાજીલ તે ભેદ નહી સમજી શકયો અને ફરમાન ન માન્યું તેથી તે રાન્યો ગયો.

સ—હ૦ આદમની ઉત્પતી કેવી રીતે થઇ ?

જ—પંજતન પાકના નુરમાંથી.

સ—તે વાશે જ્ઞાનમાથી પાઠ આપો.

કલામે પીર.

જ— તો મુનીવરભાઇ તારે શ્રી વીશ્નુ તે વર
દાતારજી થયા,
અને મહેસર મુરત સીરજી તેણી વાર;
તે તો માયાના નાભી કમળ માંહેથી
પેદા કર્યા,
તે તો હજરત આદમનો અવતારરે

સ—તેની માયના કરો.

જ—ત્યારે ખુદાવંદતઆલાએ ત્રીજી મુરત તે મહાદેવ (શંકર) કેહવાયા તે પેદા કર્યા અને તેનું નામ હ૦ આદમ અલેહીસ્સલામ રાખ્યું.

સ—હ૦ આદમના ડાબા અંગમાંથી કોને પેદા કર્યા ?

જ—બીબી હવાને.

સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ— તો મુનીવરભાઇ તારે હજરત આદમના
ડાબા અંગ માંહેથી પેદા કર્યા,
અને સરજ્યા તે બીબી હવાને સાર;
તેને અરધા અંગની કરી ઠેરાવીયા.
તેનો હજરત આદમ સફીઅલ્લાહ
કીધો ભરથારરે.

સ—તેની માયના કરો.

જ—ખુદાવંદતઆલાએ હ૦ આદમના ડાબા અંગમાંથી બીબી હવાને પેદા કરી અને તેણીને હ૦ આદમની ધરવાળી ઠરાવી અને હ૦ આદમ સફી-અલ્લાહને તેણીનો ધણી બનાવ્યો.

સ—ખુદાવંદતઆલાએ બહેસ્તમાં દાદા આદમનું પુતળું બનાવવા માટે શું મંગાવ્યું તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે શરીફ.

જ— એજી સરગ ભવનથી માટી મંગાઇ,
ભાઇ મીટડી મંગાઇ,
સાંહીયા ઇચું કરી ઘાટ ઘડાયા:
જીરે સુખકે મંડણ દોયે દીવડા જગાયા
ભાઇ દીવડા જગાયા,
ઘટ અંદર શબ્દ સુણાયા જીરે—હમ૦

સ—તેની માયના કરો,

જ—ખુદાવંદતઆલાએ ફીરસ્તાઓને હુકમ કર્યો કે તમે જમીન ઉપર જાઓ અને માટી લઇ આવો, કારણ કે તે માટીમાંથી દાદા આદમનું પુતળું બનાવવું છે.

સ—પછી શું થયું ?

જ—માટી લેવા માટે જમીન ઉપર હ૦ જબરાઇલ, હ૦ મેકાઇલ અને હ૦ અસરાફીલ એ ત્રણે ફીરસ્તાઓ ગયા પણ તેઓ માટી લીધા વગર પાછા આવવાથી ખુદાવંદતઆલાએ હ૦ અજરાઇલને મોકલ્યો. હ૦ અજરાઇલની પાસે માટી ઘણું રોવા લાગી, પણ તેની દરકાર કર્યા વગર હ૦ અજરાઇલ માટીને લઇ આવ્યો.

સ—માટીએ હ૦ અજરાઇલને શું કહયું ?

જ—માટીએ કહયું કે "મારામાંથી ખુદાવંદતઆલા આદમનું પુતળું બનાવશે અને તેમાંથી મખલુકાત પેદા કરશે અને તેઓ દુનીયા ઉપર ઘણા પાપ કરશે અને તેનો બોજો મારા ઉપર પડશે."

સ—તે માટીનું શું થયું ?

જ—ખુદાવંદતઆલાએ તે માટીમાંથી દાદા આદમનુ પુતળું બનાવ્યું અને તેમાં રૂહ ફુકયું !

સ—પછી શું થયું ?

જ—ખુદાવંદતઆલા તરફથી સરવે ફીરસ્તાઓને ફરમાન થયું કે "દાદા આદમને સુજદો કરો."

સ—ફીરસ્તાઓએ શું કીધું ?

જ—પાંચ ફીરસ્તાઓમાંથી ચાર ફીરસ્તાઓએ સુજદો કરયો પણ અજાજીલે સુજદો નહી કરયો અને

કહ્યું કે "તારા શીવાય બીજા કોઇને પણ હું સુજદો કરીશ નહી."

સ—પછી શું થયું ?

જ—ખુદાવંદતઆલાએ અજાજીલને ફરમાવ્યું કે "મારો હુકમ (ફરમાન) છે કે તું તેને સુજદો નહી કરશે તો તું રાન્દો જહશ."

સ—પછી અજાજીલે શું કરયું ?

જ—ખુદાવંદતઆલાનો હુકમ નહી માનવાથી અજાજીલ શયતાન થયો.

સ—જેથી અજાજીલે શું કરયું ?

જ—અજાજીલે આદમ અને તેની ઓલાદને દરેકને ખુદાઇ કામમાં નાફરમાની કરતા સીખવવાનું કાર્ય કરવાનું માથે લીધું.

સ—પછી શું હકીકત બની ?

જ—ખુદાવંદતઆલાએ (આદમ અને હવાના) બંને જોડાને બહેસ્તના બાગમાં મુકયા અને તેઓને ફરમાવ્યું કે "તમારે બગીચાનો દરેક મેવો ખાવો પણ ગોધમ (ઘઉં) ને ખાવા નહી અને જો ખાશો તો તમને ઘણો પરતાવો થશે."

સ—પછી શું બનાવ બન્યો ?

જ—હ૦ બીબી હવાને શેતાન (અજાજીલ) તરફથી ઘણી તરેહથી ફરેબ આપવામાં આવ્યો પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહી.

સ—પછી શું થયું ?

જ—બીબી હવાને જેમ તેમ કરી આખરે શેતાને લલચાવી ઘઉંનો દાણો ખવરાવ્યો જેથી તેમને કુદરતી હાજત પેદા થઇ.

સ—પછી શું થયું ?

જ—જેથી દાદા આદમને તે વાતની ખબર પડી ત્યારે તેઓ ઘણું પસ્તાયા પણ પોતે બીબી હવાથી જુદા રહી નહી શકવાથી પોતે પણ બીબી હવાની માફક ગોધમ ખાધા.

સ—ત્યારે ખુદાવંદતઆલા તરફથી શું ફરમાન થયું ?

જ—બીબી હવા તેમજ દાદા આદમને ઘણાજ ગુસ્સાથી ખુદાવંદતઆલાએ બહેસ્તમાંથી હાંકી કાઢી દુનીયા ઉપર ફેંકી દીધા જ્યાં તેઓએ ૯૦૦ વરસ રાત અને દીવસ ગીરીયાજારીમાં કાઢયા અને ઘણી બંદગી કરી ત્યારે તેઓ ઉપર ખુદાવંદતઆલાની મહેરબાની થઇ.

સ—ને વીશે ગ્નાન શરીફમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ— કેતે બરસ જંગલમાંહે ડાલા,
રોતે રગત નેનુંથી ચાલા.

સ—તેની માયના કરો.

જ—કેટલાક વરસ સુધી જંગલમાં રહયા અને આંખ-માંથી પાણીને બદલે લોહીના આંસુઓ ચાલવા લાગ્યા.

સ—ખુદાવંદતઆલાએ પછી શું ઉત્પન્ન કર્યું ?

જ—તે બને જોડામાંથી સૃષ્ટીની આદમની જાત પેદા કરવા માંડી અને તેમાં જીવા જોડને માથે ખુદાઇ રસ્તો દેખાડવાને એક રાહબર પેકામ્બરનો દરજ્જો આપી મોકલ્યો અને જેમાં ખાસ નુરી પંજતન (ખુદાવંદ[illegible]) જલવાગર થતું આવ્યું છે.

સ—ત્યારે વીષ્નુના આઠમા અવતારમાંથી ખુદાઇ નુર કયાં જલવાગર થયું ?

જ—૯૦ શીશ અલેહીસ્સલામમાં.

સ—આપણી પાક દુઆમાં તે કેટલામાં પાત્ર છે ?

જ—૫૦ મા પાત્ર છે.

સ—ત્યારપછી અંશાવતાર કયા કયા પાત્ર થયા ?

જ—૫૧-શામ, ૫૨-સઞામ, ૫૩-મલકાન, ૫૪-અસ-લામ, ૫૫-હારૂન.

૧—હ૦ મુસા કલીમુલ્લા.

સ—તેઓના વખતમાં (નબી) પીરનો જોમો કેની પાસે હતો ?

જ—હ૦ મુસા કલીમુલ્લાહ પાસે

સ—હ૦ મુસાના જન્મ તથા વફાત કહો ?

જ—હ૦ સ૦ પુરવે ૧૫૭૧ માં જન્મ એટલે ૩૪૯૦ વરસ પર થયો હતો.

સ—વફાત ક્યારે થઇ ?

જ—હ૦ સ૦ પુરવે ૧૪૫૧ માં વફાત એટલે આજથી ૪૩૭૦ વરસ ઉપર થઇ હતી.

સ—એટલે તેઓની કેટલી ઉમર હતી ?

જ—૧૨૦ વરસની.

સ—તેઓ ઉપર કઇ કીતાબ નાજીલ થઇ હતી ?

જ—તઉરેત કીતાબ.

સ—તેઓને કઇ કોમ માને છે ?

જ—યહુદી કોમ.

સ—તે કોમ કયા મુલકમાં રહી ?

જ—તે કોમ ઘણા મુલકમાં રહી પણ મુખ્ય તુરકી તથા રશીઆના મુલકમાં છે.

સ—મુસા નબી કેના વંશમાંથી ઉતરી આવ્યા ?

જ—યાકુબ પેગમ્બરના ૧૨ છોકરાઓના વંશમાંથી.

સ—એટલે કે કયા છોકરાના વંશમાંથી ?

જ—લેવીના છોકરા કહાથ અને તેના ઈમરાન નામે હતા તેના વંશમાંથી.

સ—મીસર દેશમાં તે વખતે કયો રાજા રાજ્ય કરતો હતો ?

જ—ફીરઓન રાજા.

સ—તે ભગત હતો કે કાફર ?

જ—કાફર હતો કારણ કે તે શેતાની કામ કરતો હતો.

સ—પછી શુ થયું ?

જ—ફીરઉનને કોઈએ ભવીષ્ય કહ્યું કે "તારો નાશ ઇસરાયલનો છોકરો કરશે."

સ—તેથી ફીરઉને શું કર્યુ ?

જ—જેટલા છોકરા ઇસરાયલ કોમમાં થતા તે બધાને તે મારી નાખતો.

સ—ત્યારે મુસા નબી કેમ બચી શકયા ?

જ—૬૦ મુસા નબીની માતાએ ફીરઉનની બીકથી મુસા નબીને પેટીમાં નાખીને નીલ નદીમાં તે પેટી વહેતી મુકી દીધી.

સ—પછી તે પેટીનું શું થયું ?

જ—તે પેટી ફીરઉનની સ્ત્રીના જોવામાં આવવાથી તે પેટીને નદીમાંથી મંગાવી લીધી અને તેને ખોલી તો તેમાંથી એક બાળક નીકળ્યું તેને પોતે ઉછેરયા.

સ—ફીરઉનની રાણીનું નામ શું ?

જ—આસીઆખાતુન.

સ—પછી શું બનાવ બન્યો ?

જ—ત્યાં મુસા નબી મોટા થયા પણ ફીરઉનના માણસોનો જુલમ જોઇને તેઓએ ઘણા જણને મારી નાખ્યા,

સ—પછી શું થયું ?

જ—કેટલાંકોએ મુસા નબીને કહયું કે "હવે તમને ફીરઆન મારી નાખશે."

સ—આથી મુસા નબી ક્યાં ગયા ?

જ—તેઓ કોહેતુર પર ગયા.

સ—ત્યાં ખુદા તરફથી શું હુકમ થયો ?

જ—ખુદાવંદે ફરમાવ્યું કે "ઓ મુસા હું તને નબુવત બક્ષુ છું, તું ફીરઉનની દરબારમાં જા અને ત્યાં ફીરઉનને સમજાવ કે મારા બંદાઓને દુઃખ આપે નહી."

સ—પછી શું થયું ?

જ—મુસા નબીએ અરજ કરી કે "મારૂં કહયું તે માનશે નહી."

સ—ત્યારે ખુદાવંદતઆલાએ શું ફરમાવ્યું ?

જ—ખુદાવંદતઆલાએ ફરમાવ્યું કે તને તારા ભાઇ હારૂનને મદદ માટે મોકલું છું અને અસા (લાંકડી) માંથી સાપ બનશે તેવો મોજીજો બતાવ્યો અને હર હાલમાં મદદ કરવાનું ફરમાન થયું.

સ—પછી શું બન્યું ?

જ—મુસા નબી ત્યાંથી મીસર આવ્યા અને હારૂનને લઇ ફીરઉનની દરબારમાં ગયા અને ત્યાં તેને ખુદાનો સંદેશો પહોચાડયો.

જ--પછી શું થયું ?

જ—ફીરઉને ખુદાવંદતઆલાનો હુકમ માન્યો નહી જેથી ઘણી જાતની બલાઓ તેના મુલકની અંદર પેદા થઇ.

સ—ફીરઓનના શું હાલ થયા ?

જ—તેણે ઇસરાયલને મુસા નબી સાથે જવાનો હુકમ કરયો જેથી મુસા નબી તથા ઇસરાયલ સુર્ખ (રાતા) સમુદ્ર સુધી આવ્યા, પણ પાછળથી દગો કરીને તેમને પકડવા લશકર ગયું પણ દરીયામાં

બની ઇસરાયલોને માટે ખુદાએ રસ્તો કરી આપ્યો.

સ—ત્યારે ફીરઉને શું કરયું ?

જ—તેણે તેવો સુકો રસ્તો જોઇને તેઓની પછવાડે તે પણ આવ્યો, પણ ખુદાની મરજીથી દરીયાના પાણી ચો તરફ ફરી વળ્યા તેમાં ફીરઉન તથા તેનું ગંજાવર લશકર ડુબી મરી ગયું.

સ—તે વખતે કેટલા માણસો હતા ?

જ—આશરે ઇસરાયલોનું ૬ લાખ માણુસ હતું,

૨—હ૦ દાઉદ (અ૦).

સ—બીજા કયા નબી ઉપર કીતાબ ઊતરી ?

જ—હ૦ દાઉદ અલેહીસ્સલામ ઉપર.

સ—કીતાબનું નામ કહો.

જ—જંબુર કીતાબ.

સ—હજરત દાઉદનો જન્મ કહો.

જ—ઇ૦ સ૦ પુરવે ૧૦૫૫ વરસ ઉપર જન્મ થયો હતો,

સ—વફાત ક્યારે થઇ ?

જ—ઇ૦ સ૦ પુરવે ૧૦૧૪ માં વફાત થય હતી.

સ—એટલે તેઓની ઉમર કેટલી થઇ ?

જ—૪૧ વરસની.

સ—હ૦ સ૦ ઉપરથી કુલ કેટલા વરસ ઉપર દાઉદ નબી થયા ?

જ—૨૯૩૩ વરસ દાઉદ પેગમ્બરને થયા.

સ—હ૦ દાઉદના પીતાનું નામ કહો.

જ—તેઓ યશાઇના ફરજંદ થાય.

૩—હ૦ ઇસા રૂહઅલ્લાહ.

સ—ત્રીજા નબીનું નામ કહો.

જ—હ૦ ઇસા રૂહઅલ્લાહ.

સ—તેમનો જન્મ કઇ સાલમા થયો ?

જ—હ૦ સ૦ પુરવે ૪ વ. સ. ઉપર.

સ—વફાત કઇ સાલમાં થઇ ?

જ—હ૦ સ૦ ૩૭ મા વફાત થઇ.

સ—તેમની ઉમર કેટલા વરસની ?

જ—૩૭ વરસની.

સ—તેમના ઉપર કઇ કીતાબ આવી ?

જ—ઇન્જીલ કીતાબ.

સ—તેઓ કઇ કોમના નબી છે ?

જ—ખ્રીસતી કોમના નબી છે.

૪—હ૦ [illegible] સલ્લ[illegible] મુસ્તફા.

સ—ચોથા નબીનું નામ કહો.

જ--હ૦ નબી મહમદ મુસ્તફા રસુલ સલ્લલાહ.

સ—તેઓના પીતાનું નામ કહો.

જ—હ૦ અબદુલ્લા.

સ—અને તેઓના પીતાનું નામ કહો.

જ—હ૦ અબદુલ મુતલબ, તે નબી સાહેબના દાદા થાય.

સ—તેઓ કેટલામાં પાત્ર છે ?

જ—૭૬ મા પાત્ર.

સ--તેઓનો જન્મ કઇ સાલમાં થયો ?

જ—હ૦ સ૦ ૫૭૦ મા.

સ--તેઓની માતાજીનું નામ કહો.

જ--હ૦ બીબી અમીના.

સ—દશમા અવતાર મઉલા મુરતજાઅલીના તેઓ શું સગા થાય ?

જ—તેઓના દાદા હ૦ અબુલ મુતલબ પણ હ૦ મઉલા મુરતજાઅલીના દાદા થાય.

સ—બીજી શું સગાઇમાં હતા ?

જ--નબી સાહેબની દીકરી હ૦ બીબી ફાતમાના લગ્ન તેઓ સાથે થયા હતા.

સ--તેઓ ચાલુ જમાનામાં શું હોદો ભોગવતા હતા ?

જ--તેઓ સતગુર બ્રહ્માજી હતા.

સ—તેઓને કઇ કોમ નબી તરીકે સ્વીકારે છે ?
જ—આખી ઇસલામ કોમ.
સ—તેઓની સંખ્યા કેટલી છે ?
જ—આસરે ૩૬ કરોડ મુસલમાનો.
સ—તેઓ ઉપર કઇ કીતાબ ઉતરી ?
જ—કુરઆન કીતાબ.
સ—મુસલમાનોના મોટા ભાગ કેટલા છે ?
જ—બે ભાગ.
સ—તેમના નામ આપો.
જ—શીયા અને સુન્ની.
સ—આપણે કયા ભાગના ઇસલામી છીએ ?
જ—શીયા ભાગના.
સ—તેમાં આપણો કયો ફીરકો છે ?
જ—ઇસમાઇલી ફીરકો.
સ—તે નામ કયા ઇમામ ઉપરથી પડયું ?
જ—૬૦ ઇસમાઇલ બીન જાફર સાદકથી.
સ—આપણે નબી સાહેબને કેવી રીતે ઓળખીએ છીએ ?
જ—તેઓ આપણા પહેલા પીર અને ગુર બ્રહ્માજીનો અવતાર છે અને તેઓના તેજ નુરમાંથી પીર સદરદીન ૨૬ મા સતાધારી પીર થયા હતા,

તેઓ નબી મહમદ મુસ્તફાનો જોમો એટલે પીર-
પણાનો હોદ્દો ધરાવતા હતા.

સ—હાલમાં પીર (નબી) ની ગાદી ઉપર કોણ
બીરાજે છે ?

જ—હાલના હાજર ઇમામ સર સુલતાન મહમદ
શાહ બીરાજે છે.

સ—નબી સાહેબને નબુવત ક્યારે મળી ?

જ—૪૦ વરસની ઉમરે.

સ—ત્યારે હીજરી સન કયો હતો ?

જ—હીજરી સન શરૂ થયા પહેલાં ૧૩ વરસ ઉપર
ખુદાવંદતઆલાએ તેઓને નબી તરીકે જાહેર
કરયા હતા.

સ—તેઓના વખતમાં શાહી જોમો કોની પાસે હતો ?

જ—હ૦ મવલા મુરતઝાઅલી તે આપણા પહેલા ઇમામ
અને ૧૦ મા નકલંકી અવતાર.

સ—તેઓને દીનનો ફેલાવો કરવામાં કોની મદદ
હતી ?

જ—હ૦ મવલા મુરતઝાઅલીની.

સ—તેઓ વફાત ક્યારે પામ્યા ?

જ—હી૦ સ૦ ૬૩૨ મા.

સ—તેઓની ઉમર કેટલી હતી ?

જ—૬૩ વરસની.

સ—જન્મ તથા વફાત કયા શહેરમાં થઇ ?

જ—મક્કા શહેરમાં.

સ—મક્કા શહેર કયા દેશમાં આવ્યું ?

જ—અરબસ્તાનમાં.

સ—હીજરી એટલે શું ?

જ—હીજરી એટલે નાસી જવું.

સ—તેઓ શા માટે નાશી ગયા ?

જ—કારણકે દુશ્મનોનું જોર ઘણું હતું.

સ—તેઓ ક્યાં નાશી ગયા ?

જ—તેઓ ત્યાંથી મદીના મુનવ્વરમાં ગયા.

સ—હીજરી સન ક્યારથી શરૂ થયો ?

જ—જ્યારથી તેઓ મદીના મુનવ્વરમાં ગયા ત્યારથી અને તેજ તારીખથી ઇસ્લામી હીજરી સન ચાલુ થયો છે.

સ—કઇ સાલમાં હ૦ મઉલા મુરતજાઅલીને પોતાના ખલીફ (વસી) નેમ્યા હતા ?

જ—હીજરી સન ૧૦ મા વરસમાં મક્કાથી પાછા વળતાં અને મદીને જતાં ગદીરે ખુમના મેદાનમાં ૧,૨૪,૦૦૦ મુસલમાનોમાં તેઓએ મઉલા મુરતજા-અલીને પોતાના ખલીફ (વસી) નેમ્યા હતા.



પ્રકરણ ત્રીજું.

પંજતન પાકનું નુરી તથા સાકાર સ્વરૂપ.

સ—પંજતન પાકનો અરથ કહો.

જ—પંજ=પાંચ, તન=શરીર, પાક=પવીત્ર.

સ—પંજતન પાકના નામ કહો.

જ—૧-હ૦ નબી મહમદ મુસ્તફા, ૨-હ૦ મઉલા મુરતજાઅલી, ૩-હ૦ બીબી ફાતમા ઝોહરા, ૪-હ૦ ઈમામ હશન, ૫-હ૦ ઇમામ હુસેન.

સ—પાંચે તનનું અગાઉ કયું રૂપ હતું તે કહો.

જ— આપ નીરીંજન ઉપના,
અને આપે ઉપાઇ જાતરે;
આપશ માંહેથી ઉપના,
સો સતગુરૂ સીતારા સાથરે.

સ—તેની માયના કરો.

જ—ખુદાવંદતઆલાએ પોતે સાકાર રૂપ લીધું અને નબી સાહેબ સાથે પંજતનના નુરનો એક સીતારો પેદા કરયો.

સ—તે સીતારાને કયા નામથી ઓળખતા હતા ?

જ—તે સીતારાને "કુતુબ તારો" કરીને કહેતા હતા.

સ—ખુદાવંદતઆલાના નુરમાંથી પંજતન પાકની જાહેરાત થઇ તેના માટે ઇસલામી ગ્રંથમાંથી પુરાવો આપો.

જ— ચું કે આં નુરે ખુદા તકસીમ શુદ,
નુરે અવ્વલ અહમદ બા મીમ શુદ.

અરથ—જ્યારે ખુદાવંદતઆલાના નુરમાંથી પંજતનનું નુર પેદા થયું ત્યારે પહેલા મીમ સાથે અહમદ પેદા થયા. ખુદાવંદતઆલાનું એક નામ અહદ છે તેમાં વચમાં મીમનો "મ" ઉમેરવાથી "અહમદ" થાય છે.

ફાતેમા આમદ અઝ આં નુરે અલ્લાહ,
"બઝઅ તુન મીનશ" બર આં
આશદ ગવાહ.

અરથ—બીબી હ.ઝરત ઝોહરા ખુદાવંદતઆલાના નુરમાંથી પેદા થયા તેની સાબીતી એ છે

જે નબી સાહેબ હંમેશા કહેતા હતા કે
"ફાતમા મારા તનનો ટુકડો છે."

આં અફીફા બા અલી તજવીજ શાફત,
હમ શું મહર વ માહ બાજ આં
નુર તાફત.

અરથ—આ પાક જાત બીબી ફાતમાના લગ્ન
હ૦ મઉલા મુરતજાઅલી સાથે થયા, અને
તેઓમાંથી સુરજ અને ચંદ્ર માફક નુર
ચમક્યું.

સમઅહાએ નુર, આં હર દુ કીસમ,
શબ્બર વ શબ્બીર યક નુર દુ નામ.

અરથ—એ નુરની રોશની બે બુઝરગ સાહેબો
હતા. તે રોશની હજરત ઇમામ હસન
અને હજરત ઇમામ હુસેન બંને સાહે-
બોના નામ જુદા હતા પણ તેઓ
એકજ હતા.

હર યકી નુરે નબી નુરે ખુદા,
મઉજ આઝ દરીઆ કુજા બાશદ જુદા.

અરથ—પંજતનમાંથી દરેક તનની ઉતપતી રાસલ
રસુલ અને ખુદાવંદતઆલાના નુરમાંથી

થયેલી છે. દરીયાના મોજા અસલ દરીયાથી જુદા કેમ કહેવાય ?

(નુર નામે રસુલ મકબુલ.)

મતલબ કે પંજતન પાક ખરેખર ખુદાવંદતઆલાનું સાકાર સ્વરૂપ છે.

સ—કુતુબ તારાનું વરણુન આપણા કયા શાસ્ત્રમાં છે ?

જ—સતવેણી નામે ગ્રંથમાં.

સ—તેમાંથી તે વીશે પાઠ બોલો.

કલામે શરીફ.

જ— આપો આપ સીરજણહારા,
પાંચે તન શાહકા સણગારા;
સીતેર સહસ્ત્ર બરસ જો હોઇ,
છીપસે સીતારા અગોચર સોઇ.

સ—તેની માયના કરો.

જ—ખુદાવંદતઆલાએ પોતાનું નુર પાંચે તન (પંજતન) માં જાહુર કર્યું અને તે કુતુબ તારો ૧૯૭ હજાર વરસ પ્રકાશ આપ્યો અને ૭૦ હજાર વરસ આથમી ગયો. તેના પહેલાં તે નુરે પંજતન વહદહુલાશરીક હતું.

સ—કુતુબ તારાના નુર વીશે કોણ જાણતું હતું ?

જ—હ૦ જીબરાઈલ ફીરસ્તા.

સ—તેનો વીગતવાર હેવાલ કહો.

જ—એક વખત હ૦ જીબરાઇલ વહી લઇને નબી સાહેબ પાસે આવ્યા, તે વખતે હ૦ બીબી ફાતમાએ તેમને જોઇને "આવો ચાચાજી" કહીને માન આપ્યું. હ૦ જીબરાઇલે તેનું કારણ પુછ્યું. બીબી ફાતમાએ જવાબ આપ્યો કે, "એના કારણ વીશે મારા પીતાજીને અરજ કરો" આથી જીબરાઇલ નબી સાહેબ પાસે આવ્યા અને કારણ જણાવવા અરજ કરી

સ—નબી સાહેબે પુછ્યું કે, "તમો જ્યારે પેદા થયા ત્યારે શું [illegible] ?

જ—તે વખત એક કુતુબ તારો મઉજુદ હતો.

સ—તમારી ઉમર કેટલી થઇ હશે ?

જ—કુતુબ તારો ૭૦ હજાર વરસે ઉગતો તથા તેટલીજ મુદતે આથમતો તેને ૭૦ હજાર વખત ઉગતો [illegible]ને આથમતો મેં જોયો છે.

સ—તે તારો [illegible] આપો.

જ—કુતુબકી તરફ [illegible] તારા [illegible] થા. [illegible] થા [illegible] સીત્તેર હજાર, ગુજરતે [illegible] સીત્તેર હજાર, બાદ આતા થા [illegible] તુલુઅ એકબાર.

ગુરૂબ હોકે જબ સાલ સીતેર હજાર,
જો હોતે તો આતા વહી રબ શુમાર.
યકીન ઉસ સીતારેકો દેખા હું મયે,
યું સીતેર હજાર દસ વજાહ ઉસુકે નહી,
કરૂં ઉમર અલીકા કબ લગ બયાન,
કહા મુખતેસર સબ તુમકે હુવે અયાન.
(નુર નામે રસુલે મકબુલ.)

સ—ત્યારપછી શું હકીકત કહેવામાં આવી ?
જ—નબી સાહેબે, જબરાઈલને સમજાવ્યું જે "તમારા જોવામાં કુતુબ તારો શરૂઆતમાં હતો તે અમો પંજતનનું નુર હતું અને એ નુરની પેદાશ પછી તમારી ઉત્પતી થઈ છે તેથી બીજી ફાતમાએ તમોને ચાચાજી કહ્યા તે બરાબર છે"
સ—નબી સાહેબે તે પછી શું ફરમાવ્યું ?
જ—નબી સાહેબે ફરમાવ્યું કે "એ જબરાઈલ, તે વખતના કુતુબ તારાનું વરણન આપો."

કહે જબરાઈલ સુણો રસુલે ખુદા,
અવલ ઉસકે શીર પર એક તાજ થા;
વો કાનુમેં દો દુર અજબ બેબહા,
ઉસકે ગલેમેંભી એક હાર થા.

સ—તેની માયના કરો.

૨—જબરાઇલ કહે છે "હે રસુલે ખુદા, પહેલું તો તેના માથા ઉપર એક તાજ હતું અને તેના બે કાનમાં બે મોતી હતા. આ તેજનું વરણન થઇ શકતું નથી વળી એક તેના ગળામાં હાર પણ હતો.

ત્યારે નબી સાહેબે ફરમાવ્યું કે "હાલમાં તે કુદરતી તારાનું શારીરીક સ્વરૂપ હું તમને દેખાડું છું." એમ કહી તરત હ૦ મઉલા મુરતજાઅલીને બોલાવી પોતાની પછવાડે ઉભા રાખ્યા અને બીબી ફાતમાને ખોળામાં બેસાડી નુરાની સ્વરૂપ દેખાડયું અને ફરમાવ્યું કે—

અવલ મુજ શરપે તાજ થા સો અલી,
દો કાનુમે દો ફરજંદ બેશક હશન, હુસેન,
મેરે ગલેમે હાર થા તે નુરે
ઐયન ફાતમા.

અર્થ—મારા માથા ઉપર જે તાજ જોવામાં આવ્યો તે હ૦ મઉલા મુરતજાઅલી પોતે હતા અને બે મોતી જોયું તે મારા હ૦ હશન તથા હુસેન હતા અને હારના જેવો આકાર તે મારા તનનો ટુકડો હ૦ બીબી ફાતમા પોતે

જેમ આપણા જ્ઞાન શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે—

કલામે પીર.

તો મુનીવરભાઈ આપણા માથા મુબારકના
નબી મહમદ મુસ્તફા કર્યા,
અને મઉલા અલી પોતે અલી અવતાર;
આ સીના મુબારકની હજરત
બીબી ફાતમા,
નુર ચશમ બે હ૦ ઇમામ હુસન, હ૦
ઈમામ હુસેન દીલઠારરે.

સ—તેની ભાવના કરો.

જ—હે મુનીવરો, ખુદાવંતઆલાએ પોતાના માથા મુબારકમાંથી નબી મહમદ બનાવ્યા અને પોતે ખુદ મઉલા અલી રૂપે જાહેર થયા અને પોતાના સીના (છાતી, અંતઃકરણ) માંથી બીબી ફાતમત ઝહેરા થયા અને હ૦ઇમામ હસન અને હ૦ ઇમામ હુસેન દીલને ઠંડક આપનારા પેદા કરયા.

સ—તે બીજે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ— આજે નીરીંજન બીયા અવતાર,
આદ અલી સો તન સાર,

આદ જાત અને આદ ભાત,
ઇસ માંહે ન મીલતી દુજી જાત,
જાત ભાત ન બુજે કોઇ,
એ તન પાંચે એક તન હોઇ,
પાંચે તનકા એહી નેડા,
જો કોઇ હોએ ઉનુકે કેડા.

સ—બીજો પુરાવો પંજતન પાકનો આપો.

કલામે શાએર.

જ— ગર પંજતનકો સમજો નુર બીલકુલ હુયે,
ફીર ઉસી વાસ્તે ખતમ ઉનુપે કુલ હુયે.
સુરે યાસીન ભી ખતમ હુઆ જાનીયે,
હુવા કુતુબ સીતારા જીનીકા પેશાનીયે.

સ—તે વીશે બીજી સાબેતી આપે.

કલામે શાએર.

જ— ચલ કુચકા મકાન બના હુયે,
બાજાર બના હુયે હુકકાની;
નર નબીકા હુઆ જો રઓશન,
કુતુબ તારેમેં નીશાની.


સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ— પંજતન પરવરે ભેજ્યા,
રાહા બતાવણ કાજ;
જીન કીને મુખ ફીરાયા,
સો રહ્યા શફાયત બાજ.

* * *

જાકું દરશન હીત હુવે,
વાંકું દરશન ઉત;
જેણે ઈયાં ન દેખ્યા સતસું;
વોહ ક્યા પાવેંગા ઉત.



પ્રકરણ ચોથું.

ઇસમાઇલી ઇમામો.

સ—ઇસમાઇલી ઇમામો કેટલા થયા છે ?

જ—૪૮ ઇમામો.

સ—તેમના રહેઠાણ પ્રમાણે કેટલા વીભાગ પાડી શકાય ?

જ—૬ વીભાગ.

વીભાગ ૧ લો.

સ—૧ લો વીભાગ કયો ?

જ—મક્કા મદીનામાં રહેનારા ઇમામો.

સ—મક્કા મદીનામાં કેટલા ઇમામો રહયા હતા ?

જ—હ૰ મઉલા મુરતઝાઅલીથી હ૰ ઇમામ જાફર સાદક સુધી ૫ ઇમામો.

સ—પહેલા ઇમામનું નામ શું ?

જ—નકલંકી અવતાર હ૰ મઉલા મુરત[illegible]અલી.

સ—તેઓ સાહેબની જન્મ તારીખ, વફાત તથ ઉમર કહો.

જ—જન્મ હી. સ. [illegible] ૯૦ [illegible] માં [illegible]

સ—[illegible] જઠસંકી [illegible] જન્મ [illegible] તે વીશે સ્થાનમાથી [illegible]

[illegible] પીર.

જ— તે સુરતાનઅલી અવતર્યા,
અબુ તાલેબ [illegible] અવતાર;
તે અબ્દુલ [illegible] પેદા થયા,
તે શહેર [illegible] મીઝાર-ચો
રણછોડ [illegible] સતગુર
એમ કહ્યા

સ—તેની [illegible]

જ—નકલંકી [illegible] સુરતાનઅલીએ અબુ તાલેબને [illegible] અવતાર લીધો અને તેઓ કાબ શરીફમાં જન્મ [illegible] બીબી ફાતેમાં ઉર્ફ ફાતમા બીન્ત અસદ તેમની માતાજી થાય.

સ—અલી [illegible] છે તે [illegible] સ્થાન [illegible] આપો.

કલામે પીર.

જ— એ ।જી અલી તે સોહી અલ્લાહ કહીએ,
તે માં ઓછો નહી લગાર;
। અમે એને માનીયો સીદકસુ,
। નું નામ છે જલ્લશાનહુ આકાર—એતો૦

સ—તેન ૧ માયના કરો.

જ—૬૦ મકીલા મુરતઝાઅલી [illegible] ખુદાઇ અવ-
તાઃ ૨ છે, અમે તેને [illegible] માનેલ છે, માટે
રૂપ [illegible]સરો તમે પણ [illegible] માનજો એવું
સ તગુરજી જ્ઞાનમાં ફરમાવે છે.

સ—બી જા ઇમામનું નામ કહો.

જ—૬ક મજીલાના ૯૦ ઇમામ હુસેન સાહેબ.

સ—તેએ ાની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીજ રી સન ૪૦ થી હીજરી સન ૬૧ એટલે ૬૦
સ. ૧ ૬૬૦ થી ઈ૦ સ૦ ૬૮૦ સુધી ૨૦ વરસ

સ—તેએ ા સાહેબે ઇમામત વખતે ૯૦ ઇમામ અબુલ
આ બદીનને શું ફરમાવ્યું હતું?

જ—૬૦ ઇમામ જયનુલ આબેદીને જ્યારે કરબલાના
મેદ ાનમા લડાઇ કરવાનો [illegible] [illegible]
સા હેબે ફરમાવ્યું કે "તારાથી મારી નસલ

રોજે કીયામત સુધી ચાલુ રહેવાની [illegible] છે,
માટે તું લડાઇ કરીશ નહી."

સ—પછી શું બન્યું ?

જ—[illegible] ઇમામ હુસેને ઇમામતનું નુર [illegible] ઇમામ ઝયનુલ આબેદીનને બક્ષી પોતે હી૦ સ૦ ૬૧ ની સાલમાં કરબલાના મેદાનમાં મહોરમની ૧૦ મી તારીખે શહીદ થયા.

સ—ત્રીજા ઇમામનું નામ કહો.

જ—[illegible] મઉલાના શાહ ઝયનુલ આબેદીન.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીજરી સન ૬૧ થી હી૦ સન ૯૪ એટલે ઇ૦ સ૦ ૬૮૦ થી ઇ૦ સ૦ ૭૧૩ સુધી ૩૩ વરસ.

સ—ચોથા ઇમામનું નામ કહો.

જ—[illegible] મઉલાના શાહ મહમદ બાકર.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૯૪ થી હી૦ સ૦ ૧૧૪ એટલે ઇ૦ સ૦ ૭૧૩ થી ૭૩૨ સુધી ૨૦ વરસ.

સ—પાંચમા ઇમામનું નામ કહો.

જ—[illegible] મઉલાના શાહ જાફર સાદક.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૧૪ થી ૧૪૮ એટલે ઇ૦ સ૦ ૭૩૨ થી ૭૬૫ સુધી ૩૪ વરસ.

વીભાગ ૨ જો.

સ —તેઓએ ઇમામત કોને આપી હતી ?
જ —દ૪ મહેલાના શાહ ઇસમાઇલને.
સ —તેઓએ જાહેરમાં કેવી રીતે ફરમાન કરયું હતું ?
જ —તેઓએ ફરમાવ્યું કે "મારી બાદ ઇમામતનું નુર હું શાહ ઇસમાઇલને આપું છું."
સ —શાહ ઇસમાઇલ વીશે શું બનાવ બન્યો ?
જ —મહેલાના શાહ જાફર સાદકની બીજી ઘરવાળીનો છોકરો [illegible] કરીને હતો, તે વખતે તેનું જોર [illegible] શાહ ઇસમાઇલને પરદેશમાં જઇ રહેવું [illegible].
સ —તેઓ ક્યાં રહેવા ગયા ?
જ —તુરકસ્તાનમાં શામ પરગણે, [illegible] ગામમાં તેઓ રહેવા ગયા હતા.
સ —[illegible] પ્રમાણે ઇમામોનો [illegible] વીભાગ કહો.
જ —[illegible]
સ —[illegible] રહ્યા હતા ?
જ —શાહ [illegible] શાહ [illegible] [illegible] ઇમામો
સ —[illegible] મયા ત્યાં તેઓ શું કરતા [illegible]

જ—શાહ ઇસમાઇલ તુર્કસ્તાનમાં રહીને, અનેક મોઇજા દેખાડી લોકોને ઇસમાઇલી દીનમાં દાખલ કરતા હતા. તે વખતના બગદાદના ખલીફા મનસુરે આ બાબત વીશે મદીનામાં કાગળ લખ્યા હતા. આ સરવે બીનાનું "મકસુદ નહર" નામે અરબી કીતાબમાં વીગતવાર બયાન કરેલ છે.

સ—શાહ ઇસમાઇલની કારકીર્દીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૪૮ થી ૧૫૮ એટલે ઇ૦ સ૦ ૭૬૫ થી ૭૭૫ સુધી ૧૦ વરસ.

સ—સાતમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ મહમદ બીન ઇસમાઇલ અ.

સ—તેમની ઇમામતની કારકીર્દીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૫૮ થી ૧૯૭ એટલે ઇ૦ સ૦ ૭૭૫ થી ૮૧૩ સુધી ૩૯ વરસ.

સ—આઠમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ વફી અહમદ.

સ—તેમની ઇમામતની કારકીર્દીના વરસ કહો.

જ—હી૦ સન ૧૯૭ થી ૨૧૨ એટલે ઇ૦ સન ૮૧૩ થી ૮૨૮ સુધી ૧૫ વરસ.

સ—નવમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ તકી અહમદ.

જ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૨૧૨ થી ૨૨૫ એટલે ઇ૦ સન ૮૨૮ થી ૮૪૦ સુધી ૧૩ વરસ

સ—દસમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ રઝી અહમદશાહ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૨૨૫ થી ૨૬૨ એટલે ઇ૦ સન ૮૪૦ થી ૮૭૬ સુધી ૩૭ વરસ.

વીભાગ ૩ જો.

સ—રહેઠાણ પ્રમાણે ઇમામોનો ત્રીજો વીભાગ કહો?

જ—મીસર દેશમાં રાજ્ય કરનારા "ફાતમાઇત ખલીફા."

સ—"ફાતમાઇત ખલીફ" ઇમામો કેટલા છે?

જ—હક મઉલાના શાહ મેહેદી મહમદથી હક મઉલાના શાહ નીઝાર સુધી નવ ઇમામો.

સ—અગીયારમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ મેહેદી મહમદ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૨૬૨ થી ૩૨૨ એટલે ઇ૦ સન ૮૭૬ થી ૯૩૪ સુધી ૬૦ વરસ.

સ—"ફાતમાહત ખલીફાત"ની જાહેરાત વીશે નબી સાહેબની હદીસ બોલો.

જ—

સલાસા મીંઆ સનતીન મીન બઅદી,

તત્તલેઉશ શમ્સો, મીન મગરબેહા.

સ—તેની માયના કરો.

જ—નબી સાહેબે ફ માવ્યું કે "મારી બાદ ત્રણસો વરસ પછી સુર્ય પશ્ચીમ દીશામાં ઉગશે."

સ—તે સૂર્ય કોણ ?

જ—તે સુર્ય આપણા અગીયારમા ઇમામ અને પહેલ વહેલા ફાતમાહત ખલીફા હક મઉલાના શાહ મહેદી મહમદ, તેઓએ મીશર દેશમાં પોતાનું રાજય સ્થાપી ઇમામત જાહેર કરી.

સ—બારમા ઇમામનું નામ કહો,

જ—હક મઉલાના શાહ કાયમ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૩૨૨ થી ૩૩૪ એટલે ઇ૦ સન ૯૩૪ થી ૯૪૫ સુધી ૧૨ વરસ.

સ—તેરમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ મનસુર.

સ—તેમની કારકીરદીના વરસ બોલો.

જ—હી૦ સન ૩૩૪ થી ૩૪૧ એટલે ઈ૦ સન ૯૪૫ થી ૯૫૨ સુધી ૭ વરસ.

સ—ચઉદમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ મોએજ,

સ—તેઓએ કઇ સાલમાં આખો મીસર દેશ જીતી લીધો ?

જ—ઈ૦ સ૦ ૯૭૦ ની સાલમાં.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૩૪૧ થી ૩૬૫ એટલે ઈ૦ સ૦ ૯૫૨ થી ૯૭૫ સુધી ૨૪ વરસ.

સ—પંદરમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ અજીજ.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૩૬૫ થી ૩૮૬ એટલે ઈ૦ સન ૯૭૫ થી ૯૯૬ સુધી ૨૧ વરસ.

સ—સોળમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ હાકમઅબુઅલી.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૩૮૬ થી ૪૧૧ એટલે ઈ૦ સન ૯૯૬ થી ૧૦૨૦ સુધી ૨૫ વરસ.

સ—સતરમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ જાહેરઅલી.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૪૧૧ થી ૪૨૭ એટલે ઈ૦ સન ૧૦૨૦ થી ૧૦૩૫ સુધી ૧૬ વરસ.

સ—અઢારમા ઇમામનું નામ કહો.

જ—૧૮ મહલાના શાહ મુસતનસીરબીલ્લાહ.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૪૨૭ થી ૪૮૭ એટલે ઈ૦ સન ૧૦૩૫ થી ૧૦૯૪ સુધી ૬૦ વરસ.

સ—મહલાના શાહ મુસતનસીરબીલ્લાહે ઇમામત કોને આપી હતી?

જ—પોતાના મોટા ફરજંદ શાહ નજારને ઇમામત આપી હતી.

સ—પછી શું થયું?

જ—તેઓના બીજા ફરજંદ મુસતેઅલીનો પક્ષ તે વખતે બહુ જોરાવર હતો, અને બે લાખ ફોજ અને તેનો સરદાર મુસતેઅલીના પક્ષમાં થઇ જવાથી તેણે ઇમામ શાહ નીઝારને કેદમાં નખાવી શહીદ કરાવ્યા.

સ—ઇમામ શાહ નીઝારનાં ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૪૮૭ થી ૪૯૦ એટલે ઈ૦ સન ૧૦૯૪ થી ૧૦૯૭ સુધી ૩ વરસ.

વીભાગ ૪ થો.

સ—[illegible] પ્રમાણે ઇમામોનો ચોથો વીભાગ કહો.

સ—અલમોતમાં કેટલા ઇમામોએ રાજ્ય કર્યું હતું ?

જ—હક મઉલાના શાહ હાદીથી હક મઉલાના શાહ રૂકનુદીન ખુરશાહ સુધી આઠ ઇમામો.

સ—ફાતમાંત ખલીફાતના ઇમામો પછી શું બનાવ બન્યો ?

જ—હસન બીન સબ્બાહ નામના એક મુરીદે ઇરાનમાં આલમોતનો ગઢ બાંધ્યો અને તે હક મઉલાના શાહ હદીને મીસરમાંથી ગઢ આલમોતમાં ઘણા માન સહીત તેડી આવ્યો.

સ—હક મઉલાના શાહ હાદી કેટલામાં ઇમામ થાય ?

જ—વીસમા ઇમામ.

સ—તેમની કાગ્ઝીગદી । વરસ કહો.

જ—હી૦ સન ૪૫૦ થી ૫૩૦ એટલે ઇ૦ સન ૧૦૫૭ થી ૧૧૩૫ સુધી ૪૦ વરસ.

સ—એકવીસમા ઇમામનું નામ કહો.

જ—મઉલાના શાહ [illegible]નર.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી० સ० ૫૩૦ થી ૫૫૨ એટલે ઈ० સન ૧૧૩૫ થી ૧૧૫૭ સુધી ૨૨ વરસ,

સ—બાવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ કાહેર.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી० સન ૫૫૨ થી ૫૫૭ એટલે ઈ० સ० ૧૧૫૭ થી ૧૧૬૨ સુધી ૫ વરસ.

સ—ત્રેવીસમાં ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ અલા જકરીયા સલામ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી० સન ૫૫૭ થી ૫૬૧ એટલે ઈ० સન ૧૧૬૨ થી ૧૧૬૬ સુધી ૪ વરસ.

સ—ચોવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ આલા મહંમદ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી० સન ૫૬૧ થી ૬૦૭ એટલે ઈ० સન ૧૧૬૬ થી ૧૨૧૦ સુધી ૪૬ વરસ.

સ—પચીસમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ જુદ જલાલુદીન હસન.

સ—તેમની કારકીરદીના વરસ કહો.

જ—હી० સન ૬૦૭ થી ૬૧૮ એટલે ઈ० સન ૧૨૧૦ થી ૧૨૨૧ સુધી ૧૧ વરસ.

સ—ત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ અલાઉદ્દીન મહમદ.

સ—તેમની ઇમામતની કારકીર્દીના વરસ કહો.

જ—હી. સન ૬૧૮ થી ૬૫૩ એટલે ઇ. સન ૧૨૨૧ થી ૧૨૫૫ સુધી ૩૫ વરસ.

સ—સતાવીસમા ઇમામનું નામ કહો.

જ—હક મઉલાના શાહ રૂકનુદ્દીન ખુરશાહ.

સ—તેમની ઇમામતની કારકીર્દીના વરસ કહો.

જ—હી. સન ૬૫૩ થી ૬૫૪ એટલે ઇ. સન ૧૨૫૫ થી ૧૨૫૬ સુધી ૧ વરસ.

સ—તે વખતે શું બનાવ બન્યો ?

જ—તે વખતે દુશ્મનોનું જોર વધુ હોવાથી ઇમામોને આલમોત ગઢ છોડીને [illegible] દેશનાં દેહકાનમાં આવીને રહેવું પડયું.

વીભાગ ૫ મો.

સ—રેહેઠાણ પ્રમાણે ઇમામોનો પાંચમો વીભાગ કહો.

જ—ઇરાનમાં એરાક ખંડ નામે ભાગમાં દેહેલમ, કેહક, આબક, મહેલ્લાત વીગેરેમાં રહેનારા ઇમામો.

સ—એરાક ખંડમાં કેટલા ઇમામો થયા ?

જ—હક મઉલાના શાહ શમસ દીન મહમદથી હક

મઉશાના બાદ હસનઅલી સુધી ઓગણીસ
ઈમામો.

સુ—ચુમાળીસમા ઈમામનું નામ કહો.

જ—૪૪ મઉલાના શાહ શમસ દીન મહમદ.

સુ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીજરી સન ૬૫૪ થી ૭૧૦ એટલે ઈ૦ સન ૧૨૫૪
થી ૧૩૧૦ સુધી ૫૬ વરસ.

સુ—પીસતાલીસમા ઈમામનું નામ કહો.

જ—૪૫ મઉલાના શાહ કાસમ શાહ.

સુ—તેમની ઈમામતની કારકીરદીના વરસ કહો.

જ—હીજરી સન ૭૧૦ થી ૭૭૧ એટલે ઈ૦ સન ૧૩૧૦
થી ૧૩૭૦ સુધી ૬૧ વરસ.

સુ—આ સતપંથ મઝહબમાં દીન આપણને કોણે
બતાવ્યો ?

જ—સતગુર પીર સદરદીન સાહેબે.

સુ—તેઓ કેટલામાં પીર હતા ?

જ—૨૬ મા પીર.

સુ—તે વખતે આપણા બાપદાદા કેવા હતા અને કયો
ધરમ પાળતા હતા ?

જ—તેઓ હીંદુ હતા અને હીંદુ ધરમ પાળતા હતા.

સુ—પીર સદરદીન સાહેબ ક્યા મુલકમાંથી આવ્યા
હતા ?

જ—ઈરાન દેશમાં દેહલમથી.

સ—કોના હુકમથી ?

જ—ઈસમાઈલી ગ્રામના ઈમામ ૩૦ મરતબાના શાહ ઈસલામ શાહના હુકમથી.

સ—શાહ ઈસલામ શાહની ઈમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૭૭૧ થી ૮૨૭ એટલે ઈ૦ સન ૧૩૭૦ થી ૧૪૨૪ સુધી ૫૬ વરસ.

સ—આપણા પીરોએ આપણને કોની સેવા કરવા ફરમાવ્યું છે ?

જ—હજરત મઉલા મુરતઝાઅલીની આલી વારસની.

સ—તે વીશે જ્ઞાનમાંથી પાઠ આપો.

કલામે પીર.

જ—આશાજી આલ અલી પેગમ્બર ચાલી
આવીયા,
આવીયા તે નબીની જોડજ;
નબી થકી સરવે આલજ ચાલીયા,
રહેમ રાખે સુલતાન— હરી અનંત.

સ—તેની માયના કરો.

જ—અલી તથા નબીથી જે આલ દુનીયામાં જાહેર ચાલી આવી છે તે આલને તમે સરેવો અને તેની જીંદગી ફગે,

સ—આલ વાશે બીજને જ્ઞાનનો પાઠ આપો.

કલામે શરીફ.

જ— એજી એ રે આલથી આલ ચાલીયા,
તે તો આવીયા કેહેક નગરી માંહે;
વાગવા અંગવા છાનક કહીએ,
શ્રી ઇસલામ શાહા બેઠા છે ત્યાંહે—ચેતો

રખીસરો ગુર કહે સાચા સતગુરજીએ
એમ કહ્યા.

સ—તેની ભાવના કરો.

જ—૬૦ અલીથી જે આલ જાહેર ચાલી આવેલી છે, તે હાજર ઇમામ કેહેક નગરીમાં શ્રી ઇસલામ શાહા રૂપે બીરાજે છે.

સ—શ્રી ઇસલામ શાહ કોની ગાદી ઉપર હતા ?

જ—દસમા નકલંકી અવતાર મઉલા મુરતજાઅલીની ગાદી ઉપર.

સ—શ્રી ઇસલામ શાહના વડવાઓના નામ આવે એવો જ્ઞાનનો પાઠ આપો.

કલામે પીર.

જ—આવો મારા મુનીવર ભાઈઓ હોજી,
તેની જાત ઇસ્માઈલી ને ગોત્ર નકલંકી;
એ છે વીરાનુ શાહા નીઝારીયા.

સ—તેની ભાવના કરો.

જ—ઓ મારા મુનીવરો, જે ધણીની સેવા હું તમોને દેખાડું છું તે નર નકલંકી મહિમા મુરતજાઅલીથી ઉતરી આવેલ છે અને ઇમામ શાહ ઇસ્માઈલથી પરંપર. શ્રી ઇસ્લામ શાહ સુધી ઉતરી આવેલ છે.

સ—આપણા ઇમામ એરાક ખંડમાં છતાં તે વીશે જ્ઞાનનો પાઠ આપો.

કલામે શરીફ.

જ—એજી આદ નીરીંજન અવતરીયા,
તેનું થાનક છે એરાક ખંડ માંહે;
સતગુરે સોહી દેખાડીયા,
તે છે વ્યાપક નવ ખંડ માંહે—ચેતો૦

સ—હાજર ઇમામની સનાખત વીશે નબી સાહેબની હદીસ બોલો.

હદીશ શરીફ.

જ—

મન માતા વ લમ યઅરફ ઈમામઝ
ઝમાનેહી. ફ માતા મઈયતન જાહે-
લીયતન, વલ જાહેલો ફીન નાર.

સ—તેની માયના કરો.

જ—જે મરતાં સુધી પોતાના જમાનાના ઇમામને
ઓળખતો નથી, તે જાહેલપણામાં મરી જાય છે
અને તે જાહેલ દોજકમાં જાય છે.

સ—આવો મતલબનો પાઠ જ્ઞાનમાંથી આપો.

કલામે શરીફ.

જ— આલ અલીની તે કહીએ,
નબી માહમદ પીર મુસલે છે ત્યાંહે;
એ રે આલથી જે ભુલશે,
તે જાશે દોજક માંહે—ચેતો૦

સ—તેની માયના કરો.

જ—જે આલ અલી તથા નબીની જાહેર દુનીયામાં
ચાલી આવી છે, અને મઉલાની ગાદી ઉપર
કાયમ તથા હયાત તરીકે બેઠેલા હોય તેના ફર-
માનને નહીં માને તે નકી દોજકમાં જશે.

સ—એકત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ મહમદ બીન ઇસલામ શાહ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૮૨૭ થી ૮૬૮ એટલે ઇ૦ સન ૧૪૨૪ થી ૧૪૬૪ સુધી ૪૧ વરસ.

સ—બત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ મુસતનસીર બીલ્લાહ (બીજા).

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૮૬૮ થી ૮૮૦ એટલે ઇ૦ સન ૧૪૬૪ થી ૧૪૭૬ સુધી ૧૨ વરસ.

સ—તેઓએ કઇ કીતાબ આપણને પીર તરીકે આપી હતી?

જ—પીંદીઆદ જવાંમરદી.

સ—તેત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ અબ્દ સલામ.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૮૮૦ થી ૮૯૯ એટલે ઇ૦ સન ૧૪૭૬ થી ૧૪૯૪ સુધી ૧૫ વરસ.

સ—ચોત્રીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ ગરીબ મીરઝા.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૮૯૯ થી ૯૦૨ એટલે ઇ૦ સન ૧૪૯૪ થી ૧૪૯૭ સુધી ૩ વરસ

સ—પાંત્રીસમા ઇમામનું નામ કહો.

જ—૩૫ મઉલાના શાહ જુદર અલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૦૨ થી ૯૧૫ એટલે ઇ૦ સન ૧૪૯૭ થી ૧૫૦૯ સુધી ૧૩ વરસ.

સ—છત્રીસમા ઇમામનું નામ કહો,

જ—૩૬ મઉલાના શાહ મુરાદ મીરઝા.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૧૫ થી ૯૨૦ એટલે ઇ૦ સન ૧૫૦૯ થી ૧૫૧૪ સુધી ૫ વરસ.

સ—સાડત્રીસમા ઇમામનું નામ કહો,

જ—૩૭ મઉલાના શાહ ઝુલફીકારઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો।

જ—હી૦ સન ૯૨૦ થી ૯૨૨ એટલે ઇ૦ સન ૧૫૧૪ થી ૧૫૧૬ સુધી ૨ વરસ

સ—આડત્રીસમા ઇમામનું નામ કહો.

જ—૩૮ મઉલાના શાહ નુરદીન અલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૨૨ થી ૯૫૭ એટલે ઇ૦ સન ૧૫૧૬ થી ૧૫૫૦ સુધી ૩૫ વરસ,

સ—ઓગણચાલીસમા ઇમામનું નામ કહો.

જ—હ૦ મઉલાના શાહ સઇયદ ખલીલઉલ્લાહ અલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૫૭ થી ૯૯૩ એટલે ઇ૦ સન ૧૫૫૦ થી ૧૫૮૫ સુધી ૩૬ વરસ.

સ—ચાલીસમા ઇમામનું નામ કહો.

જ—હ૦ મઉલાના શાહ નીઝાર (બીજા),

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૯૯૩ થી ૧૦૩૮ એટલે ઇ૦ સન ૧૫૮૫ થી ૧૬૨૯ સુધી ૪૫ વરસ.

સ—એકતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હ૦ મઉલાના શાહ સય્યદઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૧૦૩૮ થી ૧૦૭૧ એટલે ઇ૦ સન ૧૬૨૯ થી ૧૬૬૧ સુધી ૩૩ વરસ.

સ—બેતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હ૦ મઉલાના શાહ હસનઅલી

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૧૦૭૧ થી ૧૧૦૬ એટલે ઇ૦ સન ૧૬૬૧ થી ૧૬૯૫ સુધી ૩૫ વરસ.

સ—તેતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ કાસમઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૧૧૦૬ થી ૧૧૪૩ એટલે ઇ૦ સન ૧૬૯૫ થી ૧૭૩૩ સુધી ૩૭ વરસ.

સ—ચુમાલીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ અબુલ હસનઅલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૧૧૪૩ થી ૧૧૯૪ એટલે ઇ૦ સન ૧૭૩૧ થી ૧૭૮૦ સુધી ૫૧ વરસ.

સ—પીસતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ ખલીલઉલ્લાહ અલી.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૧૧૯૪ થી ૧૨૩૩ એટલે ઇ૦ સન ૧૭૮૦ થી ૧૮૧૭ સુધી ૩૯ વરસ

સ—છેતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ હસનઅલી (બીજા).

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સન ૧૨૩૩ થી ૧૨૯૮ એટલે ઇ૦ સન ૧૮૧૭ થી ૧૮૮૧ સુધી ૬૫ વરસ.

વીભાગ ૬ ઠો.

સ—રહેઠાણ પ્રમાણે ઇમામોનો છઠો વીભાગ ક્યો ?

જ—નામદાર બ્રીટીશ સરકારના અડળ ધનવાળી પ્રતાપવંત રાજ્યમાં હીંદુસ્તાનના મુંબઇ શહેરમાં રહેનારા ઇમામો.

સ—મુંબઇ શહેરમાં ક્યા ઇમામ પધારયા હતા ?

જ—છેતાલીસમા ઇમામ હઝ મઉલાના શાહ હસનઅલી

સ—મુંબઇ શહેરમાં કેટલા ઇમામો થયા છે ?

જ—હઝ મઉલાના શાહ હસનઅલીથી હઝ મઉલાના આગા શાહ સુલતાન મહમદ શાહ દાતાર હાજર ઇમામ સુધી ત્રણ ઇમામો.

સ—સડતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના શાહ આગા અલીશાહ દાતાર.

સ—તેમની ઇમામતની કારકીરદીના વરસ કહો.

જ—હી૦ સ૦ ૧૨૯૮ થી ૧૩૦૨ એટલે ઇ૦ સન ૧૮૮૧ થી ૧૮૮૫ સુધી ૪ વરસ.

સ—અડતાલીસમા ઇમામનું નામ કહો.

જ—હઝ મઉલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર હાજર ઇમામ.

સ—તેઓ કઇ સાલમાં ઇમામતના તખ્ત ઉપર જલવા-ગર થયા ?

જ—હી૦ સન ૧૩૦૨ એટલે ઇ૦ સન ૧૮૮૫ માં.

સ—હમણાના વખતમાં અડતાલીસમા હાજર ઇમામનું રહેઠાણ ક્યાં છે ?

જ—હીંદુસ્તાનમા મુંબઈ શહેરમાં.

સ—એ મઉલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર હાજર ઇમામનો જન્મ કઇ સાલમાં અને કયા માસમાં થયો ?

જ—ઇ૦ સન ૧૮૭૭ માં નવેમ્બર માસની ૨ જી તારીખે કરાંચી શહેરમાં.

ભાગ ૧ લો સમાપ્ત.



દર ચંદ્રે રેગ્યુલર બહાર પડતું.

ઈસમાઈલી સતપંથ પ્રકાશ.

ઇસમાઇલી સત-શાસ્ત્રના સિદ્ધાંતને સમજાવવા,
હિંદુ, મુસલમીન ભેદ ભાંગી બોધ સત દિલ આવવા;
દીન, દુન્યવી, નીતિ, રિતીના પાઠ જ્ઞાન વિલાસના,
વાંચો અહી ઇસમાઇલી સતપંથ નુરી પ્રકાશ આ.

દરેક ઇસમાઇલી મરદ, સ્ત્રીઓ અને બાળકોને વાંચવા લાયક છે, કે જેમાં વિદવાનોને હાથે લખાએલાં નિતિ અને ધારમીક લખાણો આપવામાં આવે છે. વારસીક લવાજમ ફકત રૂા. રાા અગાઉથી, આફરીકા માટે રૂા. ૩) અગાઉથી.

લખો:—

મુન્શી લાલજીભાઈ દેવરાજ,
ખોજા સીંધી છાપખાનું,
૧૧૩, પાલખી મહોલ્લા,
મુંબઇ નં. ૯.

આ બુક મેનેજર વલીભાઇ નાનજીએ ધી. ખોજા સીન્ધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧૧૩, પાલખી મહોલા, મુંબઇ, નં૦ ૯ માં છાપી, અને મુખી લાલજીભાઇ દેવરાજે ધી. ખોજા સીન્ધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧૧૩, પાલખી મહોલા, મુંબઇ, નં૦ ૯ માં પ્રગટ કરી.